સુવિચાર

આક્રમણ કરવાવાળા શત્રુથી ન ડરો પણ જે તમારી ખુશામત કરે છે તેવા મિત્રથી ડરો...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

સીજીએસટી વિભાગમાં નોકરી આપવાની લાલચ આપી યુવાન સાથે રૂ.૮.૨૯ લાખની ઠગાઇ P-4

Year-16, Issue-167 ■ DATE : 29-10-2025 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

માવઠાંથી થયેલા પાકની નુકસાનીનું વળતર ચૂકવાશે

મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં સર્વેને મંજૂરી અપાઇઃ ગ્રામસેવકો અઠવાડિયામાં રિપોર્ટ સોંપશેઃ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને જીતુ વાઘાણીને પ્રવક્તા મંત્રી તરીકેની જવાબદારી સોંપાઇ

મુખ્ય સમાચાર, ગાંધીનગર

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી વરસેલા કમોસમી વરસાદને કારણે અનેક જિલ્લાઓમાં ખેતરોમાં પાકને ભારે નુકસાન થયું છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સ્થિતિનો તાત્કાલિક તાગ મેળવવા મંત્રીઓને અસરગ્રસ્ત વિસ્તારોમાં જવાની સૂચના આપી હતી. મુખ્યમંત્રીના આ નિર્દેશ બાદ મંત્રીઓ મેદાનમાં ઉતરી ખેડૂતોની વચ્ચે પહોંચી તેમની વેદના સાંભળી અને સ્થિતિની સમીક્ષા કરી હતી. આજે મળેલી કેબિનેટની બેઠકમાં સર્વેને મંજૂરી અપાઈ છે. હવે ગ્રામસેવકો અસરગ્રસ્ત જિલ્લાઓમાં નુકસાનીનો સર્વે કરશે. સર્વે બાદ રિપોર્ટ આપવા આદેશ કર્યો છે. એક અઠવાડિયામાં સર્વેની કામગીરી કરાશે.

આ ઉપરાંત આજે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને જીતુ વાઘાણીને પ્રવક્તા મંત્રી તરીકેની જવાબદારી સોંપાઈ છે. આગાઉ પણ બંન્ને નેતા પ્રવક્તા મંત્રી તરીકે રહી ચૂક્યા છે. આ પહેલા જવાબદારી ઋષિકેશ પટેલ અને કનુભાઈ દેસાઈ સંભાળી રહ્યા હતા. હવે નવી ફરજ હેઠળ હર્ષ સંઘવી અને જીતુ વાઘાણી સરકારના નિર્ણયો અને નીતિઓ અંગે મીડિયાને માહિતી આપશે.

ભાવનગર જિલ્લાના શિહોર ખાતે કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી અને શિહોરના કાજાવદર ગામની મુલાકાત લઈ ખેડૂતો સાથે ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું કે મુખ્યમંત્રી પોતે પણ સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે અને ખેડૂતોને પૂરતી મદદ મળી રહે તે માટે જરૂરી પગલાં ભરાશે.

અમરેલી જિલ્લામાં રાજ્યના કાયદો અને ન્યાયતંત્ર, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ સાવરકુંડલાના જાબાળ અને ધનસ્થામનગર ગામોમાં ખેતરોની મુલાકાત લઈ મગફળી-કપાસ સહિતના પાકોમાં થયેલ નુકસાનનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે જણાવ્યું કે પાક નુકસાનીના તાત્કાલિક સર્વે માટે આદેશ આપી દેવામાં આવ્યા છે અને સરકાર ખેડૂતોની પડખે રહી મદદરૂપ બનશે.

ગીર સોમનાથ જિલ્લામાં વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા તથા સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજાએ વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. બંને મંત્રીઓ ખેતરમાં પાણી વચ્ચે ઉતરીને પાકની સ્થિતિ નિહાળી હતી અને ખેડૂતોને હૈયાધારણાં આપી હતી. સાંસદ રાજેશભાઈ ચુડાસમા તથા સ્થાનિક આગેવાનો પણ તેમની સાથે જોડાયા હતા. તે જ રીતે આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલે તાપી જિલ્લામાં જઈ પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

ભરૂચ હાંસોટ પંથકમાં સતત વરસેલા ભારે વરસાદથી આશરે ૯૦ હજાર હેક્ટર જમીનમાં વાવેલા પાકને ભારે ધોવાણ થયું છે.

રાજકોટ-બોટાદ ગોંડલ, કોટડા સાંગાણી સહિતના વિસ્તારોમાં મગફળીના પાક પાણીમાં તણાઈ ગયા છે. ઘણા ખેડૂતોના પાકની કાપણી પણ અટકી ગઈ છે.

વડોદરા છાણી, સોકડા અને ઓમકારપુરા સહિતના ગામોમાં લસણ, મેથી, ઘાસ અને શાકભાજીના પાકને મોટું નુકસાન થયું છે.



દાહોદ ડાંગરના ખેતરોમાં પાણી ભરાઈ જતા પાક તણાઈ ગયો છે અને ખેડૂતોએ ભારે નુકસાનની દહેશત વ્યક્ત કરી છે.

સુરેન્દ્રનગર ખેડૂતોમાં ચિંતા છે કે હજી સુધી ૨૦૨૪ની સહાય મળેલી નથી, ત્યારે આ વર્ષના વરસાદથી થયેલ નુકસાન માટે ક્યારે સહાય મળશે તે અંગે અનિશ્ચિતતા છે.

ગાઝામાં પાક. સેનાના ૨૦ હજાર જવાનો તૈનાત કરવાની તૈયારી

મુખ્ય સમાચાર, ઈસ્લામાબાદ

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે થયેલા યુદ્ધ વિરામ અને શાંતિ સમજુતી બાદ હવે અમેરિકાના પ્લાન મુજબ બન્ને સેનાઓ વચ્ચે અથડામણ અટકાવવા 'બફર' તરીકે ઈન્ટરનેશનલ સ્ટેબીલાઈઝેશન ફોર્સ આંતરરાષ્ટ્રીય સ્થિરતા દળોમાં પાકિસ્તાની સેનાના ૨૦૦૦૦ જવાનોને ગાઝામાં તૈનાત કરવાની તૈયારીની સમગ્ર વિવાદને એક નવો વળાંક મળ્યો છે અને તે નિર્ણય પાક માટે પણ ખતરનાક બની શકે છે તેવો અભિપ્રાય દર્શાવવામાં આવી રહ્યો છે.

અમેરિકાની ચાપલૂસી કરવા માટે સતત તૈયાર રહેલા પાક સૈન્યના વડા જનરલ અસીમ મુનીરને આ માટે અમેરિકી ગુપ્તચર એજન્સી સીઆઈએએ મનાવી લીધા હોવાનું માનવામાં આવે છે. ગાઝામાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચે પાક. સેનાના જવાનો તૈનાત કરવા અમેરિકાનો પ્લાન છે.

જનરલ મુનીર અને અમેરિકી એજન્સી સીઆઈએ તથા ઈઝરાયેલની ગુપ્તચર એજન્સી 'મોસાદ' વચ્ચે બેઠક યોજાઈ હતી. તેમાં આ નિર્ણય લેવાયો હતો અને ઈઝરાયેલ વડાપ્રધાને પણ તેને મંજૂરી આપતા હવે એ પ્રથમ વખત બનશે કે પશ્ચીમ એશિયામાં શાંતિ સમજુતીમાં પાકિસ્તાનની ભૂમિકા મહત્વની બની જશે.

જો કે પાકના રાજકીય નેતૃત્વમાં આ અંગે મતભેદ હોવાનું બહાર આવ્યુ છે પણ જનરલ મુનીરનો નિર્ણય સ્વીકારાયો છે. ગાઝાના એક યુદ્ધ વિરામ હરોળ જેવી પટ્ટીમાં પાક સેનાનો અંકુશ હશે.

આ માટે તેને ઈન્ટરનેશનલ સ્ટેબીલાઈઝેશન ફોર્સ નામ અપાયુ છે. સામાન્ય રીતે રાષ્ટ્રસંઘ આ પ્રકારે શાંતિ-રક્ષક દળ મોકલે છે. જેમાં એકથી વધુ દેશની સેનાને સામેલ કરાય છે.

જયારે ગાઝામાં ફક્ત પાક.સેનાને જ મુકવા અમેરિકાનો પ્લાન છે. અગાઉ ઈઝરાયેલના વડાપ્રધાન નેતાનયાહુએ કહ્યું હતું કે ગાઝામાં કોની સેના રહેશે તે અમો નકકી કરશું. આમ પાક સેનાની હાજરી એ ઈઝરાયેલની મંજુરીથી જ શકય બની હોય તેવું માનવું છે.

શિરડી દર્શન કરી પરત ફરી રહેલા સુરતના યુવાનોનો અકસ્માતઃ ૩નાં મોત

મુખ્ય સમાચાર, સુરત

સુરતના યુવાનો શિરડી(મહારાષ્ટ્ર) દર્શન કરીને પરત વતન ફરી રહ્યા હતા ત્યારે અકસ્માત નડ્યો હતો. જેમાં બે યુવાનોના ઘટના સ્થળે મોત નિપજ્યાં જ્યારે એકનું સારવારમાં લઈ જતી વખતે રસ્તામાં મૃત્યુ થયું હતું. ચાર યુવકોને ઈજા થતાં સારવારમાં નાસિકની એક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં. ડ્રાઈવરે કાબૂ ગુમાવતા ફોર્ચ્યુનર પલટી હતી.

સુરતના ભક્તો જે સાંઈ બાબાના દર્શન કરવા ગયાં હતાં, જ્યારે તેઓ સુરત પરત ફરી રહ્યા હતાં, ત્યારે નાસિક નજીક એક ભયાનક અકસ્માત થયો હતો. જેમાં ત્રણ લોકોના મોત થયા હતાં અને ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયાં. શિરડીથી પરત ફરી રહેલા ભક્તોને લઈ જતી કાર નાસિક જિલ્લાના યેવલા તાલુકાના એરંડગાંવ રાયતે શિવર વિસ્તારમાં ગાડી પલટી ગઈ હતી. બાકીના ચાર ઘાયલોની નાસિકની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ડોક્ટરોએ જણાવ્યું હતું કે તેમાંથી બેની હાલત ગંભીર છે.

પ્રાથમિક માહિતી અનુસાર, સુરતના સાત લોકો સાંઈ બાબાના દર્શન કરવા માટે શિરડી ગયાં હતા. દર્શન કર્યા પછી તેઓ નાસિક થઈને સુરત પરત ફરી રહ્યા હતાં, ત્યારે ડ્રાઈવરે અચાનક વાહન પરનો કાબુ ગુમાવ્યો, જેના કારણે તે રસ્તાની બાજુમાં ગાડી પલટી ગઈ હતી. બે લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતાં, જ્યારે પાંચ અન્ય ગંભીર રીતે ઘાયલ થયા હતાં. અકસ્માત એટલો ગંભીર હતો કે વાહનનો આગળનો ભાગ સંપૂર્ણપણે તૂટી ગયો હતો. સ્થાનિકોએ ખૂબ જ મુશ્કેલીથી બધાને બચાવ્યા અને તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા નાસિક ખસેડ્યા હતાં.

આંધ્રમાં 'મોન્થા' વાવાઝોડાએ ભારે તારાજી સર્જી

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

આંધ્રપ્રદેશના દરીયા કિનારા પર ત્રાટકેલા મોન્થા વાવાઝોડાએ મોટી તારાજી સર્જી હતી. વૃક્ષો ધરાશાયી થવા ઉપરાંત વિજ થાંભલાઓ ઉખડી ગયા હતા.લાખો હેકટરમાં કૃષિપાક નષ્ટ થયો હતો. ત્રણ લોકોના મોત નિપજયા હતા. આંધ્રપ્રદેશમાં ભારે વરસાદ થતા અનેકભાગો જળબંબાકાર બન્યા હતા.ઓડીશા, ઝારખંડ, તામીલનાડુ તથા પશ્ચિમ બંગાળ સુધી તેની અસર વર્તાઈ હોય તેમ તેજ પવન સાથે ભારે વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગનાં રિપોર્ટ પ્રમાણે ૯૦ થી ૧૦૦ કીમીની ઝડપના પવન સાથે મોન્થા વાવાઝોડુ ત્રાટકયુ હતું. ઝટકાનાં પવનની ગતિ ૧૧૦ કીમી સુધી પહોંચી હતી.મધરાત બાદ તે આંધ્રના કાંઠળ ભાગો પરથી પસાર થઈને નબળુ પડી ગયુ હતું. જોકે તેના પ્રભાવ હેઠળ ભારે વરસાદ ચાલુ રહ્યો હતો અને

પસાર થઈ ગયા બાદ આજથી પૂર્વવત કરવામાં આવ્યો હતો. વાવાઝોડા-વરસાદમાં હજારો હેકટર જમીનમાં કૃષિ પાક સાફ થઈ ગયો હતો.

વાવાઝોડા-વરસાદની અસર આંધ્રપ્રદેશ સિવાયના અનેક રાજયોમાં પણ થઈ હતી. ઓડીશા પણ ધમરોળાયુ હતુ. અનેક સ્થળોએ ભૂસ્ખલન થયા હતા જેને પગલે અનેક વિસ્તારો ખાલી કરાવવામાં આવ્યા હતા.૧૦ હજાર લોકોનું સ્થળાંતર કરાવવામાં આવ્યુ હતું. વાવાઝોડા-વરસાદ વચ્ચે આંધ્ર-ઓડીસા સહિતના રાજયોમાં સ્કુલો બંધ રાખવામાં આવી હતી. દરીયામાં ૧૦ ફૂટ ઉંચા મોજા ઉછળ્યા હતા અને આસપાસની સંપતિઓ-મિલકતોને ભારે નૂકશાન થયુ હતું. આંધ્ર-ઓડીશા તથા તામીલનાડુમાં ભારે વરસાદથી સંખ્યાબંધ ફલાઈટો રદ કરવામાં આવી હતી.

હવે પ્રવાસીઓને દારૂની પરમીટ ઓનલાઇન મળશેઃ ગુજરાત સરકારની પહેલ

મુખ્ય સમાચાર, અમદાવાદ

ગુજરાતના પ્રવાસન વિકાસમાં દારૂબંધી વિઘ્નરૂપ હોવાના દાવા વચ્ચે સરકાર દ્વારા બીજા રાજ્યો-વિદેશી પ્રવાસીઓને છૂટછાટ આપી જ છે હવે તેમાં પ્રક્રિયા વધુ સરળ બનાવવા ચક્રો ગતિમાન કરાયા છે.

ગુજરાત બહારના પ્રવાસીઓને દારૂની પરમીટ ઓનલાઈન મળી રહે તે માટે ખાસ મોબાઈલ એપ વિકસાવવામાં આવી છે જેનું પરિક્ષણ સફળ થયુ છે અને આગામી મહિનેથી તે અમલી બનવાની શકયતા છે.

રાજય સરકારનાં સુત્રોએ કહ્યું કે મોબાઈલ એપની ટ્રાયલ રન સફળ બની છે અને બે સપ્તાહમાં શરૂ કરી દેવાનો ટારગેટ છે.અંગ્રેજી, હિન્દી તથા ગુજરાતમાં મોબાઈલ એપ સુવિધા ઉપલબ્ધ થશે.

દારૂની ઓનલાઈન પરમીટ માટે પ્રવાસીએ મોબાઈલ એપમાં

આધારકાર્ડ જેવા ઓળખના દસ્તાવેજ અપલોડ કરવાના રહેશે અને તેના આધારે ઓનલાઈન પરમીટ મળી જશે. ત્યારબાદ પ્રવાસી કોઈપણ દારૂની અધિકૃત દુકાનેથી ખરીદી કરી શકશે. ઓનલાઈન પેમેન્ટ પણ કરી શકશે.ગીફટ સીટીમાં પરમીટ હોલ્ડરો પણ તેનો ઉપયોગ કરી શકશે.

પ્રવર્તમાન નિયમો હેઠળ પ્રવાસીએ શરાબ મેળવવા અધિકૃત દુકાને જઈને ફોર્મ ભરવાની સાથોસાથ જરૂરી દસ્તાવેજ સોંપવાનાં હોય છે તેની ચકાસણી બાદ પરમીટ ઈસ્યુ થાય છે.તેમાં ઘણો સમય લાગી જાય છે. નવી સીસ્ટમમાં માત્ર મોબાઈલથી જ પરમીટ ઈસ્યુ થઈ જશે. પ્રવાસી આધારકાર્ડ, મતદાર કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ પાસપોર્ટ અથવા ઓળખ માટે નિયત ૧૦ માંથી કોઈપણ દસ્તાવેજ અપલોડ કરી શકશે. ચકાસણી તથા પરમીટ પણ ઓનલાઈન થઈ જશે.

ગૃહવિભાગના સીનીયર અધિકારીએ કહ્યું કે અત્યારે રોકડ અથવા ચલણમાં પેમેન્ટ કરવુ પડે છે તેના બદલે પ્રવાસી યુપીઆઈ અથવા કાર્ડથી પેમેન્ટ કરી શકશે.

તેઓએ ઉમેર્યું કે દારૂની પરમીટ મેળવવામાં ભારે તકલીફ વેઠવી પડતી હોવાની પ્રવાસીઓની રજુઆત બાદ નવી સીસ્ટમ વિકસાવવામાં આવી છે.ગીફટ સીટીનાં પરમીટ હોલ્ડરો માટે પણ પ્રક્રિયા સરળ કરાઈ છે.જેમાં તેઓએ નોકરી કરતી કંપનીઓના પ્રમાણપત્રની જોગવાઈ રદ કરવામાં આવી છે.

૮મા પગાર પંચથી સેલેરીમાં ૩૪% સુધીનો વધારો થશે

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

લાંબી રાહ જોતા, વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે મંગળવારે ૮મા પગાર પંચના નિયમો અને શરતોને મંજૂરી આપી. આનાથી લગભગ ૫૦ લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને ૬.૯ મિલિયન પેન્શનરો માટે પગાર અને પેન્શનમાં વધારો થવાનો માર્ગ લગભગ મોકળો થઈ ગયો છે. હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે પગારમાં કેટલો વધારો થવાની અપેક્ષા છે.

૮મા પગાર પંચના અમલ પછી, સરકારી કર્મચારીઓને નોંધપાત્ર પગાર વધારો મળવાની અપેક્ષા છે. તમામ સ્તરે પગારમાં વધારો થશે. જોકે, આ વધારાની ચોક્કસ રકમ ઘણા પરિબળો પર આધાર રાખશે. એવી શકયતા છે કે, અગાઉના પગાર પંચની જેમ, ઘણા ભથ્થાઓ નાબૂદ અથવા મર્જ થઈ શકે છે. આ પગાર માળખાને સરળ બનાવવાનો હેતુ છે. એવું માનવામાં આવે છે કે આ વખતે મુસાફરી ભથ્થું, ખાસ ફરજ ભથ્થું અને નાના પ્રાદેશિક ભથ્થા જેવા ઘણા ભથ્થાઓ પ્રભાવિત થઈ શકે છે.

ગત વખતે ૨૦૦ ભથ્થાઓ નાબૂદ/મર્જ કરવામાં આવ્યા હતાઃ ૧ જાન્યુઆરી, ૨૦૧૬ ના રોજ ૭મા પગાર પંચના અમલીકરણ દરમિયાન, લગભગ ૨૦૦ ભથ્થાઓની સમીક્ષા કરવામાં આવી હતી. તેમાંથી ૫૨ નાબૂદ કરવામાં આવ્યા હતા અને બાકીનાને મર્જ કરવામાં આવ્યા હતા. નિષ્ણાતો માને છે કે ૮મા પગાર પંચ દરમિયાન આ વલણ ચાલુ રહેશે. આ વખતે, મૂળભૂત પગાર અને નોંધવાયી ભથ્થામાં વધારો અને નાના ભથ્થાઓ ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી શકે છે.

નવા પગાર પંચ હેઠળ પગાર વધારાની રકમ મુખ્યત્વે ફિટમેન્ટ ફેક્ટર પર આધાર રાખે છે. આનો ઉપયોગ કર્મચારીઓના વધેલા પગારની ગણતરી કરવા માટે થાય છે. નવા પગાર પંચ દ્વારા લાગુ કરાયેલ ફિટમેન્ટ ફેક્ટરને મૂળ પગારથી ગુણાકાર કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે, જો મૂળ પગાર રૂ.૨૦,૦૦૦ છે અને ફિટમેન્ટ ફેક્ટર ૨.૫૭ છે, તો રૂ.૨૦,૦૦૦ × ૨.૫ = રૂ.૫૦,૦૦૦. આનો અર્થ એ થયો કે રૂ.૨૦,૦૦૦ નો મૂળ પગાર વધીને રૂ.૫૦,૦૦૦ થશે.

પગાર ત્રણ ગણો કેવી રીતે વધી શકેરૂ.નિષ્ણાતોનો અંદાજ છે કે નવા પગાર પંચ માટે ફિટમેન્ટ ફેક્ટર ૧.૮૩ થી ૨.૮૬ સુધીનો હોઈ શકે છે. સરળ શબ્દોમાં કહીએ તો, પગારમાં ૧૩% થી ૩૪% નો વધારો જોવા મળી શકે છે. જોકે, વાસ્તવિક વધારો ૮મા પગાર પંચની ભલામણોને મંજૂરી આપતી વખતે સરકાર દ્વારા નક્કી કરાયેલ ફિટમેન્ટ ફેક્ટર પર આધાર રાખશે.

૭મા પગાર પંચમાં ફિટમેન્ટ ફેક્ટર ૨.૫૭ હતો. આના પરિણામે પગારમાં ૧૫૭% વધારો થયો, જેમાં બેઝિક પગાર રૂ.૭,૦૦૦ થી વધીને રૂ.૧૮,૦૦૦ થયો. જો આપણે ધારીએ કે સરકાર ૨.૮૬ નો ફિટમેન્ટ ફેક્ટર લાગુ કરે છે અને અન્ય ભથ્થાઓમાં નોંધપાત્ર ફેરફાર કરતી નથી, તો પગારમાં કેટલો વધારો થશેરૂ. આ કિસ્સામાં, બેઝિક પગાર ફક્ત બમણો નહીં, પણ ત્રણ ગણો વધી શકે છે.

રાજકોટમાં કાયદો વ્યવસ્થાના સરેઆમ લીરા ઉડયા

મંગળા મેઇન રોડ પર મધ્યરાત્રીએ અંધાધૂંધ ફાયરીંગ

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટમાં ફરી એક વખત ગેંગ વોરઃ જંગલેશ્વરની મરઘા ગેંગ અને પેંડા ગેંગ વચ્ચે માથાકૂટઃ રાત્રીના ૩ આસપાસ ૯ થી વધુ રાઉન્ડ ફાયરીંગ

રાજકોટમાં દિવસેને દિવસે ક્રાઈમ વધી રહ્યો છે. હત્યા, લૂંટ, ચોરી, ફાયરિંગની ઘટનાઓ સમાન્ય બની છે. પોલીસનું પેટ્રોલિંગ માત્ર દેખાવનું જ રહ્યું છે ત્યારે મધરાત્રીએ રાજકોટના મંગળા મેઈન રોડ પર ફાયરિંગની ઘટના સામે આવી હતી. મળેલી માહિતી મુજબ જય મુરલીધર લબ્ધેલી ગાડીમાં ફાયરિંગ કરવામાં આવ્યું હતું. બાદમાં પોલીસને જાણ થતા ઘટનાસ્થળે પહોંચી હતી. આસરે ૯થી ૧૦ રાઉન્ડ ફાયરિંગ કરાયું હતું. મધરાત્રીએ રાજકોટમાં આવેલા વિદ્યાનગર મેઈન રોડ પર પ્રગતિ હોસ્પિટલ નજીક અંધાધૂંધ ફાયરીંગની ઘટના સામે આવી હતી.

અજાણ્યા શખ્સો દ્વારા રાત્રે ૩ વાગ્યે ફાયરિંગ કરવામાં આવ્યું હતું જેના પરિણામે અહીના સ્થાનિક રહેવાસીઓમાં ડરનો માહોલ છવાયો હતો.

મળતી માહિતી મુજબ જંગલેશ્વરના કેટલાક શખ્સોએ અને પરિયો ગઢવી નામના શખ્સ વચ્ચે માથાકૂટ થઈ હતી. જાણવા મળ્યું છે કે, બન્ને ગેંગ વચ્ચે ઘણા સમય થી માથાકૂટ ચાલતી હતી. જેના પરિણામે જૂની અદાવતમાં આ માથાકૂટ થઈ હોવાનું પ્રાથમિક તારણ ખુલ્યું છે. બીજી તરફ મરઘા ગેંગના સોહિલના માતા રુખીના સમાચે મીડિયા સમક્ષ નિવેદન આપ્યું હતું કે, પ્રગતિ હોસ્પિટલમાં તેના પિતા દાખલ હતા અને એ સમયે તેઓ બહાર બેઠા હતા. તેઓ કાંઇ સમજેએ પહેલા જ કારમાં આવેલા ૪ શખ્સોએ નીચે ઉતરી આડેધડ ફાયરિંગ શરૂ કર્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે, અમે દોડીને હોસ્પિટલમાં ઘુસી ગયા હતા. પોલીસ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

અગાઉ મરઘા ગેંગે પુનિતનગા ટાકે પેંડા ગેંગ પર કર્યુ હતું ફાયરિંગ જેનો બદલો લેવા પેંડા ગેંગે પણ જંગલેશ્વરમાં ફાયરિંગ કર્યુ હતું. ફરી એકવાર મરઘાનો ગેંગનો સભ્ય પ્રગતિ હોસ્પિટલ ખાતે હોવાની માહિતી મળતા પેંડા ગેંગ સક્રિય થઇ હતી અને મધરાત્રીએ ફાયરિંગ કર્યુ હતું.

જામનગર શહેરના ૧૪૭ બાળકો અને બાલિકાઓએ સંસ્કૃત શ્લોકો મુખપાઠ કરી પુરાણોની પરંપરાને જીવંત કરી બતાવી

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર આજના આધુનિક યુગમાં, ઈલેક્ટ્રોનિક ગેજેટ્સની દુનિયામાં લોકો ભારતીય સંસ્કૃતિની મુખપાઠની પરંપરાને ભૂલી ગયા છે. ભારતના ભવ્ય સાંસ્કૃતિક વારસા સામે દૃષ્ટિ કરીએ તો જણાય છે કે ઋષિ-મુનિઓના આશ્રમમાં બાળપણથી જ બાળકોને મુખપાઠ દ્વારા સંસ્કારિત કરવામાં આવતા કે જેના પરથી તેમના ઉત્કૃષ્ટ ભવિષ્ય કંડારવાનો એક મજબૂત આધાર તૈયાર થતો હતો. તેમાંથી જ ભારતને મહાન રાજાઓ, વિદ્વાનો, પંડિતો, વૈજ્ઞાનિકો અને ઋષિમુનિઓ મળ્યા છે. આજે ટેકનોલોજીના અસંયમિત ઉપયોગથી સુ-સંસ્કારોને ભૂલતા આ યુગમાં, મુખપાઠની પરંપરાથી આજના બાળકો ગભરાઈને દૂર રહેવાનું પસંદ કરે છે. પરંતુ આપણી સનાતન વૈદિક પરંપરાને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વર્તમાન ગુરુવર્ય પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ફરીથી જીવંત કરી બતાવી છે. ગત વર્ષે દિવાળીના દિવસો દરમિયાન તેઓએ એક સંકલ્પ જાહેર કર્યો હતો કે, આવતી દિવાળી સુધીમાં બી.એ.પી.એસ. સંસ્થાની બાળસંસ્કાર પ્રવૃત્તિનાં ૧૦,૦૦૦થી વધુ બાળ બાલિકાઓ સંસ્કૃતમાં સત્સંગ દીક્ષા ગ્રંથ મુખપાઠ કરે. આ સંકલ્પ, તેઓએ એક પત્રના માધ્યમ દ્વારા તેઓએ વ્યક્ત કર્યો હતો.

સત્સંગદીક્ષા એક એવો અભિનવ સંસ્કૃત-ગુજરાતી ગ્રંથ છે, જે મહાન સંતવિભૂતિ મહંત સ્વામી મહારાજે સનાતન શાસ્ત્રોના સારરૂપે ૩૧૫ શ્લોકોમાં પ્રસ્તુત કર્યો છે. સદાચાર, વ્યસનમુક્તિ, પ્રામાણિકતા અને ચારિત્ર્ય વગેરે નૈતિક મૂલ્યો, ભક્તિ-સત્સંગ-સદ્ગ્રંથન વગેરે આધ્યાત્મિક મૂલ્યો, ભેદભાવ વિના સર્વજન સમ-આદર, સર્વધર્મ સમ-આદર, રાષ્ટ્રીય ભાવના વગેરે વિવિધ પ્રેરણાઓ આ ગ્રંથ દ્વારા તેઓએ જન સામાન્યમાં સિંચવાનો પુરુષાર્થ કર્યો છે. લાખો લોકો પોતાના નિત્ય પ્રાતઃકમમાં આ સત્સંગદીક્ષા ગ્રંથનો પાઠ કરે છે. મહંત સ્વામી મહારાજના સંકલ્પે ૧૫,૦૦૦ કરતાં વધારે બાળકોએ આ ગ્રંથનો સંસ્કૃતમાં મુખપાઠ પૂર્ણ કર્યો છે અને વધુ ૨૫,૦૦૦ જેટલાં બાળ-બાલિકાઓ આ મુખપાઠના મહાન યજ્ઞમાં જોડાયા છે.

પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજના એ સંકલ્પ મુજબ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની બાળપ્રવૃત્તિ દ્વારા ગત વર્ષથી ૮૫૦૦ થી અધિક બાળ બાલિકા સેન્ટરના ૧૭,૫૦૦ થી અધિક બાળ બાલિકા પ્રવૃત્તિ કાર્યકર્તાઓએ વૈદિક અને શાશ્વત પરંપરાનું પુનરાવર્તન કરવાનું મુખપાઠનું અભિયાન શરૂ કર્યું. આજે ૧ વર્ષ બાદ કુલ ૧૫,૬૬૬ બાળ-બાલિકાઓએ સત્સંગ દીક્ષા ગ્રંથના ૩૧૫ સંસ્કૃત શ્લોકોનો સંપૂર્ણ મુખપાઠ પૂર્ણ કરી અનોખો વિક્રમ સર્જી દીધો છે. આ મહત્વપૂર્ણ સિદ્ધિ બદલ દિલ્હીના ભારતીય કેન્દ્રીય સંસ્કૃત વિશ્વ વિદ્યાલયના કુલપતિએ મહંત સ્વામી મહારાજને અભિનંદન પાઠવતો પત્ર લખ્યો હતો, જેમાં તેઓએ જણાવ્યું હતું કે, સંભવતઃ આ એક વિશ્વવિક્રમ છે કે જેમાં ૩ વર્ષથી લઈને ૧૩ વર્ષ સુધીના ૧૫૦૦૦ થી વધુ બાળકોએ સમગ્ર સંસ્કૃત ગ્રંથનો મુખપાઠ એક વર્ષમાં પૂર્ણ કર્યો છે.આ અભિયાનમાં સંસ્થાના સંતો અને કાર્યકરોની ટીમ દ્વારા વાલીઓ અને બાળકો માટે પ્રેરણા સભાઓ યોજવામાં આવી હતી. વિવિધ સેન્ટરોમાં ઉદ્ઘોષ સભાઓ દ્વારા સત્સંગદીક્ષા ગ્રંથને લગતું તમામ સાહિત્ય વિવિધ માધ્યમો દ્વારા બાળકો સુધી પહોંચાડવામાં આવ્યું હતું. આ આયોજનમાં નિઃસ્વાર્થભાવે જોડાયેલા સ્વયંસેવકોને બાળકોને મુખપાઠ કઈ રીતે કરાવવો, રીવીઝન ક્યારે, કેટલું અને કેવી રીતે લેવું તેની વિસ્તૃત તાલીમ આપવામાં આવી હતી. તે માટે ઓનલાઈન મિટિંગો અને ટ્રેનિંગ કલાસીસનું આયોજન કરવામાં આવ્યું હતું.

મોરબી મનપા કમિશ્નર દ્વારા કલસ્ટરની મુલાકાત સાથે શહેરી સ્વચ્છતા કામગીરીનું નિરીક્ષણ

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી મહાનગરપાલિકાના કમિશ્નર સ્વપિનલ ખરે એ તા. ૨૭ ઓક્ટો.૨૦૨૫ના રોજ કલસ્ટર રની મુલાકાત લઈ સફાઈ કર્મચારીઓની હાજરી તથા વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. બીજી તરફ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં અઠવાડિક ખાસ સફાઈ ઝુંબેશ પણ હાથ ધરાઈ હતી.

તા. ૨૭ ઓક્ટોબરના રોજ મોરબી મહાનગરપાલિકાના કમિશ્નર સ્વપિનલ ખરે દ્વારા કલસ્ટર રની વિઝીટ કરવામાં આવી હતી. આ દરમિયાન કમિશ્નરે કલસ્ટર રમાં કાર્યરત સફાઈ કર્મચારીઓની હાજરીની ચકાસણી કરી હતી. વિઝીટ દરમિયાન અમરેલી ગામ, રામદેવપીર મંદિર સામે, ચારભાય મંદિર, ગુજરાત હાઉસીંગ બોર્ડ, વિશ્વનગર તથા આસવાદ પાન પાસે

આવેલ જીવીપી પોઈન્ટની પણ મુલાકાત લેવામાં આવી હતી. સાથે સાથે કમિશ્નરે શાંતિવન સ્કૂલની મુલાકાત લઈ ઝોર ટુ ઝોર કચરા સંગ્રહની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. શહેરમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે કર્મચારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

આ ઉપરાંત સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા ઈન્દિરાનગર, ગાંધી સોસાયટી તથા આલાપ પાર્ક સોસાયટી વિસ્તારના નાળાની સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. વધુમાં દર મંગળવારે અઠવાડિક ખાસ સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવતું હોય છે, જે અંતર્ગત નવલખી ફાટક, વિજયનગર, સર્કિટ હાઉસથી મહેન્દ્રનગર, ત્રાજપર ચોકડી, ભડીયાદ મેઈન રોડ, સ્વચ્છતા રોડ, મચ્છુ માતાજી રેલીંગ, નરસંગ ટેકરીથી રવાપર ચોકડી, તુલસી પાર્ક મેઈન રોડ તથા લીલાપર ચોકડીથી રફાળેશ્વર પુલ સુધી વ્યાપક સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

મોરબી ન્યૂમીસમેટિક કલબના સભ્યો દ્વારા નવનિયુક્ત મંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રી સાથે શુભેચ્છા મુલાકાત

મુખ્ય સમાચાર, મોરબી

ન્યૂમીસમેટિક કલબના પ્રતિનિધિમંડળે તાજેતરમાં નવનિયુક્ત મંત્રીઓ તથા નાયબ મુખ્યમંત્રી સાથે સૌજન્ય મુલાકાત કરી શુભેચ્છાઓ પાઠવી હતી. રાજ્ય સરકારમાં નવી નિમણૂકોને પગલે આ સૌજન્ય મુલાકાત રાજકીય તથા સામાજિક સ્તરે પ્રશંસનીય રહી હતી.

મોરબી ન્યૂમીસમેટિક કલબના ચેરમેન એડવોકેટ મિતેષભાઈ દવે, રાષ્ટ્રીય પરશુરામ યુવા સેના સંઘના મોરબી જીલ્લા ઉપાધ્યક્ષ દર્શનભાઈ દવે તથા સંગઠનના સાથી કિરીટભાઈ રૂપાલા તાજેતરમાં પોરબંદરના ધારાસભ્ય અને હવે રાજ્યના વન તથા પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના કેબિનેટ મંત્રી તરીકે પદભાર સંભાળનાર અર્જુનભાઈ મોઢવાડિયાની શુભેચ્છા મુલાકાતે પહોંચ્યા હતા. તેઓએ અર્જુનભાઈ મોઢવાડિયાને નવી જવાબદારી માટે હાર્દિક અભિનંદન પાઠવતા, તેમના કાર્યકાળ સફળતાપૂર્વક પાર પડે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી. સાથે સાથે પ્રતિનિધિમંડળે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, અન્ન અને નાગરિક પુરવઠા તથા ગ્રાહક તકરાર બાબતેના રાજ્ય કક્ષાના મંત્રી પૂનમચંદ બરડાજી, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી મનીષાબેન વકીલજી તથા પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ મંત્રી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજાની પણ મુલાકાત કરી હતી.

જાહેરમાં ગંજીપાનાથી જુગાર રમતા ચાર મહિલા પકડાયા

મુખ્ય સમાચાર, જામનગર

જામનગરના ગોકુલનગર જકાત નાકા પાસે સોહમનગરમાં જાહેરમાં ગંજીપાનાથી જુગાર રમતા ચાર મહિલા પોલીસના દરોડામાં ઝડપાયા હતા. પટમાંથી રૂા.૨૫૮૧૦ કબજે કરાયા હતા.જામનગરના ગોકુલનગર નજીક સોહમનગરમાં કેટલાક મહિલા એકત્રિત થઈ ગંજીપાના વડે જુગાર રમતા હોવાની બાતમી પરથી સિટી સી ડિવિઝનના સ્ટાફે દરોડો પાડ્યો હતો. આ સ્થળે ગંજીપાનાથી જુગાર રમતા કાજલબેન રાજુભાઈ કેસરીયા, મોહિનીબેન રોહિતભાઈ વરદોરીયા, સીતાબેન રાજુભાઈ બારસોખીયા, સુમીતાબેન મોહનભાઈ મકવાણા નામના ચાર મહિલા મળી આવ્યા હતા. પોલીસે પટમાંથી રૂા.૨૫૮૧૦ રોકડા કબજે કરી જુગારધારાની કલમ ૧૨ હેઠળ ગુન્હો નોંધ્યો છે.

જામનગરમાં સોનાનું લોકેટ મુળ માલિકને પરત

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર સમગ્ર ગુજરાત રાજ્યમાં ચોરી, લૂંટ અને ધાડ ના ગુનાઓમાં ગયેલ મુદ્દામાલ નાગરિકોને પરત મળી રહે તે માટે રાજ્યના પોલીસ વિભાગ દ્વારા તેરા તુજકો અર્પણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈની દ્વારા જીલ્લા ના તમામ પોલીસ સ્ટેશનોમાં પણ તેરા તુજકો અર્પણ કાર્યક્રમને અગ્રતા ક્રમ અપાવી તે દિશામાં ઝડપી કાર્યવાહી કરવા માટેના આદેશો કરાયા છે જે અંતર્ગત સિટી- બી ડિવિઝન પોલીસ સ્ટેશન દ્વારા ફરિયાદી લુકેશ બુડાભાઈ બગડા ને ૐ લખેલું સોના નું લોકેટ જેની કિંમત રૂ.૧૦,૦૦૦જેટલી થાય છે, પરત કરવામાં આવ્યું હતું.આ અંગે મળતી માહિતી મુજબ, લુકેશ બુડાભાઈ બગડા નામના યુવાન જેનો ૐ લખેલું સોનાનું લોકેટ સ્વામિનારાયણ સોસાયટી વિસ્તારમાં ખોવાઈ ગયું હતું. જેની જાણ સિટી-બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં કરવામાં આવેલ હતી.

ત્યારબાદ, સિટી-બી ડિવિઝન પોલીસ સ્ટેશન ના પીઆઇ પી.પી.ઝા ના માર્ગદર્શન હેઠળ દિવ્યરાજસિંહ જાડેજા અને પ્રહલાસિંહ જાડેજા દ્વારા સી.સી.ટી.વી તેમજ બ્યુમન સોર્સ ની મદદ થી શોધી ને અરજદાર ને સોનાનું લોકેટ અરજદાર સિટી-બી ડિવિઝન પોલીસ સ્ટેશન બોલાવી પરત કરવામાં આવ્યું હતું, જેથી તેણે સમગ્ર પોલીસ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

મોરબીમાં સંત શિરોમણી જલારામ બાપાની ૨૨૬મી જન્મજયંતિ નિમિતે જલારામ ધામ ભવ્ય રંગોળી કરાઈ

મુખ્ય સમાચાર, મોરબી

મોરબીના શ્રી જલારામ ધામ ખાતે પુજ્ય સંત શિરોમણી જલારામ બાપાની ૨૨૬મી જન્મજયંતિ નિમિતે શ્રી જલારામ ધામ તથા શ્રી લોહાણા મહાજન દ્વારા સમવિધ કાર્યક્રમોનું ભવ્ય આયોજન થયું છે. જલારામ બાપા અને માતુશ્રી વીરબાઈ માંની આકર્ષક રંગોળી બનાવી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી છે. મોરબીમાં પૂજ્ય સંત શિરોમણી જલારામ બાપાની ૨૨૬મી જન્મજયંતિ નિમિતે ધાર્મિક ભાવના અને ભક્તિભાવના માહોલ વચ્ચે શ્રી જલારામ ધામ તથા શ્રી લોહાણા મહાજન દ્વારા સમવિધ ધાર્મિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે એક દિવસ અગાઉ જકરામ ધામ ખાતે જલારામ બાપા અને માતુશ્રી વીરબાઈ માંની વિશાળ અને સુંદર રંગોળી બનાવી ભક્તોએ શ્રદ્ધા વ્યક્ત કરી હતી. રંગોળી દર્શન માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ધામ ખાતે ઉમટી પડ્યા હતા.

જામનગરમાં મંત્રી રિવાબા જાડેજાનો સન્માન સમારોહ યોજાયો

મુખ્ય સમાચાર, જામનગર

જામનગરના -ઉત્તર વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય રિવાબા જાડેજાનો રાજ્ય સરકાર ના મંત્રીમંડળમાં સ્થાન મળતાં તેઓએ મંત્રી પદ સંભાળ્યા બાદ જામનગર શહેરમાં તેઓને સત્કારવા માટેનો નવા વર્ષના સ્નેહમિલન સહિતનો સત્કાર સમારોહ ગુરૂવારે વિશ્વકર્મા બાગમાં યોજાયો હતો.ઉપરાંત શહેર ભાજપના અગ્રણીઓ તેમજ વેપારીઓ અને નગરના શ્રેષ્ઠીઓએ ઉપસ્થિત રહી નવનિયુક્ત મહિલા મંત્રીનું અભિવાદન કર્યું હતું. ત્યાર-બાદ રાજપુત સમાજ પાસેથી ગાંધીનગર મેઈન રોડ સુધીની વિશાળ બાઈક રેલી યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

અજીતસિંહજી ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે રાજ્યમંત્રી રીવાબા જાડેજાનું જામનગર ડિસ્ટ્રિક્ટ એસો.ના પ્રમુખ અજયભાઈ સવાદીયા, કોચ મહેન્દ્રસિંહ ચૌહાણ તથા અન્ય હોદ્દેદારો સહિતના ઉપસ્થિત ક્રિકેટ ખેલાડીઓ અને તેઓના વાલીઓ વગેરે દ્વારા ભવ્ય સ્વાગત- કર્યુ હતું. ઢોલ નગારા ના તાલ સાથે અને ભવ્ય આતશબાજી સાથે તેમજ પુષ્પવૃષ્ટિ દ્વારા અભિવાદન કરાયું હતું.ત્યારબાદ જામનગરના લાલ બંગલા સ્થિત રાજપૂત સમાજ પાસેથી એક વિશાળ બાઈક રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પૂર્વ રાજ્યમંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા અન્ય અગ્રણીઓ, વેપારીઓ, અને શહેર ભાજપના વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા. અને લાલ બંગલાથી ગાંધીનગર મેઈન રોડ સુધીના માર્ગે વિશ્વકર્મા બાગ સુધીની બાઈક રેલી યોજાઈ હતી.

મોરબીમાં ફેરપ્રાઈઝ શોપ એસોસિએશન દ્વારા પડતર માંગણીઓના નિકાલ બાબતે રાજ્ય સરકારને અપીલ

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી જીલ્લા ફેરપ્રાઈઝ શોપ એસોસિએશન દ્વારા રાજ્ય સરકારને કમિશન દરમાં વધારો, ઈ-પ્રોકાર્ડલ તકેદારી, સહાયકનો ઉમેરો તથા ટેકનિકલ પ્રશ્નોના નિકાલ જેવી માંગણીઓ સાથે સસ્તા અનાજ દુકાનદારો દ્વારા આવેદનપત્ર આપ્યું હતું. પડતર માંગણીઓનો યોગ્ય નિકાલ ન મળે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરાશે તેવી ચેતવણી આપવામાં આવી છે.

મોરબી જીલ્લામાં ફેરપ્રાઈઝ શોપ ધારકો દ્વારા વિવિધ લાંબા સમયથી લંબાયેલી સમસ્યાઓના ઉકેલ માટે રાજ્ય સરકાર સમક્ષ માંગણીઓ રજૂ કરવામાં આવી છે. એસોસિએશનની મુખ્ય માંગણીઓમાં કમિશન દરમાં વધારો, ઈ-પ્રોકાર્ડલ તકેદારી, સહાયકનો ઉમેરો, સિંગલ ફિંગરપ્રિન્ટ દ્વારા બે બિલ બનાવવાની મંજૂરી, સમિતિના સભ્યોના ૮૦% બાયોમેટ્રિક વેરિફિકેશનનો પરિપત્ર રદ કરવો, સમયસર કમિશનની ચુકવણી તથા ટેકનિકલ અને વહીવટી પ્રશ્નોનું નિરાકરણ લાવવાનો સમાવેશ થાય છે. એસોસિએશનના પ્રતિનિધિઓએ જણાવ્યું કે રાજ્ય એસોસિએશન દ્વારા પૂરવઠા મંત્રી તથા સંબંધિત અધિકારીઓને વારંવાર રજૂઆતો કરવા છતાં હજુ સુધી સંતોષકારક કે લેખિત પ્રતિસાદ પ્રાપ્ત થયો નથી. આથી,

ઓલ ગુજરાત ફેરપ્રાઈઝ શોપ એસોસિએશન અને ગુજરાત ફેરપ્રાઈઝ શોપ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસિએશન દ્વારા સંયુક્ત રીતે નિર્ણય લેવાયો છે કે જો યોગ્ય નિકાલ નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે.

મોરબી જીલ્લા એસોસિએશને જીલ્લા પુરવઠા અધિકારી (DSO) ને અપીલ કરી છે કે ગ્રાહકોને અનાજ વિતરણમાં વિક્ષેપ ન પડે તે માટે આ ગંભીર બાબતને તાત્કાલિક ધ્યાને લઈ રાજ્ય સરકાર સુધી રજૂઆત પહોંચાડવામાં આવે. આ અંગે મોરબી શહેર ફેરપ્રાઈઝ શોપ એસોસિએશનના ઉપપ્રમુખ ઉગાભાઈ રાઠોડ દ્વારા જણાવાયું કે સરકારની સમયસર કાર્યવાહી જરૂરી છે જેથી રેશન વિતરણ વ્યવસ્થા પ્રભાવિત ન થાય અને ધારકોની વાજબી માંગણીઓનો સકારાત્મક ઉકેલ મળી શકે.

ઉના ગીર ગઢડા તાલુકામાં કમોસમી વરસાદ વરસતા ખેડૂતો માછીમારોને સહાય આપવા કોળી સેના પ્રમુખની રજૂઆત

જુનાગઢ ગીર સોમનાથ જિલ્લા કોળી સેના પ્રમુખ દીપાબેન બાંભણીયા દ્વારા મંત્રી કૃષિ,પશુપાલન, ગૌસંવર્ધન અને મત્સ્યોદ્યોગ મંત્રી રજૂઆત

મુખ્ય સમાચાર, ઉના
અહેવાલ - અબ્દુલ પઠાણ

ઉના ગીરગઢડા તાલુકામાં અચાનક વાતાવરણમાં આવેલ પરિવર્તન આવતા કમોસમી વરસાદ (માવઠા) તથા ભારે પવનના અને અચાનક પડેલ વરસાદના કારણે ખેડૂતો અને માછીમારોને હાલ ગંભીર નુકશાન વેઠવું પડ્યું છે કારણકે હાલ સીઝન હોવાથી ખેતરોમાં કપાસ, મગફળી, સોયાબીન, તુવેર જેવા અનેક પાકોને અને દરિયાઈ માછીમારો ને આ વરસાદના કારણે ભારે થી અતિ ભારે ખેડૂતોને અને માછીમારોને નુકશાન સહન કરવું પડ્યું છે. જેથી હવે આ બાબતે સરકારશ્રી દ્વારા વહેલીતકે સર્વે કરી થયેલ નુકશાન અંગે કામગીરી કરી અને ખેડૂતોને અને માછીમારોને યોગ્ય અને સમય મર્યાદામાં સહાય મળે તે બાબતે અને ખેડૂતોને અને માછીમારોને આ નુકશાનીની આફતમાંથી બહાર આવી શકે તે બાબતે ખેડૂતોના અને માછીમારોના હિતમાં વહેલામાં વહેલી તકે યોગ્ય નિર્ણય લઈ સહાય ચુકવવા જુનાગઢ જિલ્લા ગીર સોમનાથ જિલ્લા કોળી સેના પ્રમુખ દીપાબેન બાંભણીયા દ્વારા રજૂઆત કરાઈ.

હરિદ્વારમાં ગંગા કિનારે પૂર્વમંત્રીના પરિવાર દ્વારા ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર હરિદ્વાર પવિત્ર ગંગાનદીના મહારાજા અગ્રેસર ઘાટ ખાતે શિવભક્તનું બિરુદ ધરાવતા ગુજરાત સરકારના પૂર્વ મંત્રી જામનગરના પૂર્વ ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ મેરુભા જાડેજા (હકુભા)ના પરિવારજનો દ્વારા શ્રીમદ ભાગવત સપ્તાહનો પ્રારંભ કારતક માસની ચોથથી કરવામાં આવ્યો જેનો લાભ શ્રોતાઓ મેળવી રહ્યા છે

ગંગાનદીનાસ્વર્ગલોકમાં બિરાજતા ભગવાન શ્રી શંકરની જટામાણ પુથ્વી ઉપર રાજા ભગીરથજીએ ભક્તિ કરીને ગંગા માતાજીને હિમાલય પર્વતઉપર ઉતારી છે.

આ ગંગાજી ત્યાંથી હરિદ્વાર માં ખડખડ વહે છે.પવિત્ર ગંગા નદીના કિનારે મહારાજ હરિદ્વાર ખાતે પુરાણીક શિવમંદિરથી મહારાજા અગ્રેસર ઘાટ સુધી વાજતે ગાજતે ભવ્ય પોથી યાત્રા નીકળી હતી. આ ભાગવત કથામાં વ્યાસપીઠ ઉપર શાસ્ત્રીજી અશોકભાઈ આચાર્ય કથાનું રસપાન કરાવી રહ્યા છે.છોટી કાશીનું વિરુદ્ધ ધરાવતા જામનગરના

માનવસેવાના ભેખધારી એવા શિવભક્ત અને રાજ્યના પૂર્વ મંત્રી ધર્મેન્દ્રસિંહ મેરૂભા જાડેજા (હકુભા) અને તેના પરિવારજનો દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી હરિદ્વાર ગંગા નદીના ઘાટ ઉપર મહારાજા અગ્રેસર ઘાટ ખાતે શ્રીમદ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવી રહેલ છે જેના ભાગરૂપે આ વર્ષે આયોજન કરાયું છે.શિવ મંદિર ખાતે ભાગવતજીની પૂજા અર્ચના બ્રાહ્મણોએ મંત્રોચ્ચાર સાથે કરાવેલ હતી. બાદમાં શિવમંદિરથી પોથીયાત્રા ઓમ નમો ભગવતે વાસુદેવાયના મંત્રો ગુંજી ઉઠ્યા હતા, કૃષ્ણ ભગવાનની ધૂન સાથે આ પોથીયાત્રા કથા ના સ્થળ એવા મહારાજા અગ્રેસર ઘાટે પહોંચી હતી.આ પોથી યાત્રા દરમિયાન હકુભાના પરિવારજનો પણ જોડાયા હતા.વ્યાસપીઠ ઉપર બિરાજમાન શાસ્ત્રી શ્રી અશોકભાઈ આચાર્ય અને ભાગવતજી પૂજા અર્ચના કર્યા બાદ સંગીતમય શેલી સાથે કથાનો પ્રારંભ કરાવ્યો હતો કળયુગમાં જ્ઞાનયજ્ઞ માનવ જીવન માટે ખૂબ પુણ્યકારક ગણાવ્યું છે. શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં હકુભા જાડેજા તેમના પરિવારજનો સહિતના શ્રોતાઓ કથા શ્રવણ કરવા લીન બન્યા હતા

ગીર ગઢડા પંથકમાં કમોસમી વરસાદથી પાકને નુકસાન થતા ભાજપા પ્રમુખ ખેતરોની મુલાકાતે

મુખ્ય સમાચાર, ઉના
અહેવાલ - અબ્દુલ પઠાણ

ઉના ગીરગઢડા તાલુકામાં અચાનક વાતાવરણમાં આવેલ પરિવર્તન આવતા કમોસમી વરસાદ (માવઠા) તથા ભારે પવનના અને અચાનક પડેલ વરસાદના કારણે ખેડૂતો હાલ ગંભીર નુકશાન વેઠવું પડ્યું છે કારણકે હાલ સીઝન હોવાથી ખેતરોમાં કપાસ, મગફળી, સોયાબીન, તુવેર જેવા અનેક પાકોને અને ખેતરોમાં હોય જેને કારણે અતિભારી વરસાદને કારણે ખેતરોમાં પાણી ઘૂસતા ધોવાયા જેને કારણે ખેડૂતને નુકસાન થયું અને ખેડૂત પાઈ માલ થયો આ આસમાની આફત આવતા કુદરત સામે ખેડૂત જજુમી રહ્યો જ્યારે આજે ગીર ગઢડા તાલુકા પ્રમુખ ભાજપા ધર્મેશભાઈ રાખોલીયા તમામ ખેતરોની મુલાકાત લીધી હતી અને અગાઉ પણ તેઓએ એક રજૂઆત પણ

કરી છે વહેલી તકે યોગ્ય વળતર મળે તે માટે આજે તે અને તેમની ટીમ તાલુકાના તમામ ખેતરોની મુલાકાત લીધી હતી

ગોંડલમાંથી પોરબંદરનો દુષ્કર્મી શખ્સ સગીરા સાથે પકડાયો

મુખ્ય સમાચાર, ગોંડલ

ગોંડલ વોરાકોટડા રોડ પંચપીરની ધાર પાસેથી પોરબંદરની સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ ના ગુનામાં નાશતા ફરતા આરોપી તથા ભોગ બનનાર ને એલસીબી પોલીસે ઝડપી લઈ વધુ કાર્યવાહી હાથ ધરી હતી.ઇ વિગતો મુજબ એલ.સી.બી. ઈન્ચાર્જ પીઆઈ એફ.એ.પારગી ની રાહબરી હેઠળ તથા પો.સબ.ઈન્સ. એચ.સી.ગોહીલ આર.વી.ભીમાણ તથા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગ માં હતા જે દરમ્યાન મળેલ બાતમી ના આધારે પોરબંદર જીલ્લા ના ઉધ્યોગનગર પોલીસ સ્ટેશન ભાર-તીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ-૧૩૭(૨),૮૭ મજબના ગુન્હાના કામે ભોગ બનનાર સગીરા તથા આરોપી અક્ષય અશોકભાઈ સોલંકી ઉ.૨૦ ગોંડલ નાં વોરાકોટડા રોડ પંચપીર ની ધાર પાસે હોય બન્ને ની અટક કરી બી-ડીવી પોલીસ ને સોંપતા પોલીસે આગળ ની તપાસ હાથ ધરી છે.

લોહ પુરુષ સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી એકતાનગર સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે કરાશે

વડાપ્રધાન મોદીએ આપેલા 'રાજ્ય અનેક-રાષ્ટ્ર એક, સમાજ અનેક-ભારત એક, ભાષા અનેક-ભાવ એક, રંગ અનેક-તિરંગા એક'ના મંત્રને 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવના સાથે સાકાર કરવામાં આવશેઃ નરેન્દ્રભાઈ મોદી રાષ્ટ્રીય એકતા દિવસની શાનદાર ઉજવણીમાં માર્ગદર્શન આપશે

મુખ્ય સમાચાર, અમદાવાદ

અખંડ ભારતના શિલ્પી લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ ૩૧ ઓક્ટોબરની એકતાનગર સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવના ઉજાગર કરતી ઉજવણી કરવામાં આવશે.

નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશભરમાં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે દર વર્ષે વડાપ્રધાનની પ્રેરક ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમો યોજવામાં આવે છે.

આ વર્ષે સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતિ વર્ષના ઉપલક્ષ્યમાં રાષ્ટ્રીય એકતા દિવસની શાનદાર અનોખી ઉજવણીનું બહુવિધ આયોજન કરવામાં આવ્યું છે.

નવી દિલ્હીમાં દર વર્ષે પ્રજાસત્તાક દિવસ ૨૬મી જાન્યુઆરીએ યોજાતી પરેડની પેટર્ન પર જ આ વર્ષે ૩૧ ઓક્ટોબરે એકતાનગર ખાતે મુવિંગ પરેડ યોજવામાં આવશે.

મુખ્ય સચિવ પંકજ જોશી અને પોલીસ મહાનિદેશક વિકાસ સહાયે આ ભવ્ય ઉજવણીના સમગ્ર કાર્ય આયોજન અંગેની વિસ્તૃત ભૂમિકા આપી હતી.

તેમણે કહ્યું કે, રાષ્ટ્રીય એકતા દિવસની આ પરેડમાં BSF, CISF, ITBP, CRPF, SSB, J&K, પંજાબ, આસામ, ત્રિપુરા, ઓડિશા, છત્તીસગઢ, કેરાળા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને NCC મળીને કુલ ૧૬ કન્ટીજન્ટ્સ સહભાગી થશે.

એટલું જ નહિં, ઓપરેશન સિંદૂરના CRPFના ૧૬ પદક વિજેતા અને ના પાંચ શૌર્ય ચક્ર વિજેતા બહાદુર જવાનો પણ આ પરેડમાં ખુલ્લી જીપ્સીમાં જોડાશે.

આ પરેડનું નેતૃત્વ વિવિધ રંગબેરંગી વેશભૂષા અને અલગ-અલગ વાજિંત્રો સાથે હેરાલ્ડીંગ ટીમ(Heralding Team)ના ૧૦૦ જેટલા સદસ્યો કરવાના છે.

એકતા પરેડમાં કર્ણપ્રિય સુરાવલિઓ રેલાવતા ૯ બેન્ડ કન્ટીજન્સ પણ જોડાવાના છે. ઉપરાંત રાજ્યકક્ષાએ વિજેતા થયેલા ગુજરાતના બે સ્કૂલ બેન્ડ તથા રાષ્ટ્રીય કક્ષાએ આયોજિત સ્કૂલબેન્ડ સ્પર્ધામાં વિજેતા બે સ્કૂલ બેન્ડ મળીને ચાર સ્કૂલ બેન્ડ દ્વારા બેન્ડ ડિસ્પ્લે પણ થવાના છે.

મુખ્ય સચિવ અને પોલીસ મહાનિદેશકએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓને લાલ કિલ્લાની પ્રાચીરથી આપેલો મંત્ર 'રાજ્ય અનેક રાષ્ટ્ર એક, સમાજ અનેક ભારત એક, ભાષા અનેક ભાવ એક અને રંગ અનેક તિરંગો એક'ને ચરિતાર્થ કરતા કાર્યક્રમો આ એકતા પરેડ અને રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીને વધુ ગરિમામય બનાવશે.

આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, કેન્દ્ર સરકારના સાંસ્કૃતિક મંત્રાલયના ઉપક્રમે દેશના વિવિધ રાજ્યોની સાંસ્કૃતિક વિરાસતોની ઝાંખી કરાવતા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ આ અવસરે યોજાશે.

નરેન્દ્રભાઈ મોદી સરદાર સાહેબની પ્રતિમાની પદ પૂજા કર્યા પછી પરેડ અને વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા આવશે ત્યારે તેમને કેન્દ્રીય સુરક્ષા દળો અને ગુજરાત પોલીસની કંટીજન્ટ્સ દ્વારા ગાર્ડ ઓફ ઓનર અપાશે અને સમગ્ર કાર્યક્રમનો શાનદાર પ્રારંભ થશે.

આ પરેડમાં 'એકત્વ' થીમ આધારિત વિવિધ ટેબ્લોઝનું જે નિદર્શન થવાનું છે તેમાં જુદા જુદા રાજ્યો અને CAPF દ્વારા પોતાની વિશેષતાઓ અને સિદ્ધિઓ દર્શાવતા ૧૦ ટેબ્લો પ્રસ્તુત કરવામાં આવશે. NDRF, NSG, જમ્મુ કાશ્મીર, આંદામાન એન્ડ નિકોબાર, પુડુચેરી, મહારાષ્ટ્ર, ગુજરાત, મણીપુર, છત્તીસગઢ અને ઉત્તરાખંડ દ્વારા આ ટેબ્લોઝ રજૂ થવાના છે.

આ ઉપરાંત, ભારતીય વાયુસેના દ્વારા ઓપરેશન સૂર્યકિરણ અન્વયે ફ્લાય પાસ્ટ તથા CRPF અને ગુજરાત પોલીસની મહિલા કર્મચારીઓ દ્વારા સંયુક્ત રાયફલ ડ્રીલ ,NSG દ્વારા હેલ માર્ચ, આસામ પોલીસ દ્વારા મોટરસાયકલ ડેરડેવિલ શો તેમજ BSFના ઈન્ડિયન બ્રીડનો ડોગ શો, CISF અને ITBPની મહિલા કર્મીઓ દ્વારા ટ્રેડિશનલ માર્શલ આર્ટ, SSB દ્વારા બેન્ડ ડિસ્પ્લે અને NCC કેડેટસ પણ લોકોના આકર્ષણનું કેન્દ્ર બનશે.

તેમણે ઉમેર્યું કે, વધુને વધુ લોકો આ એકતા પરેડ નિહાળી શકે તે હેતુસર આ વર્ષે બેઠક વ્યવસ્થામાં પણ વધારો કરવામાં આવ્યો છે અને ૧૧,૫૦૦થી વધુ લોકો પરેડ નિહાળી શકે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

આ ઉપરાંત સ્ટેચ્યુ ઓફ યુનિટી દ્વારા રાષ્ટ્રીય એકતા દિવસ પોર્ટલ પણ લોન્ચ કરવામાં આવ્યું છે તેના પર ઓનલાઈન રજીસ્ટ્રેશનથી કોઈપણ વ્યક્તિ આ એકતા પરેડના કાર્યક્રમોમાં જોડાઈ શકે છે.

મુખ્ય સચિવ અને પોલીસ મહાનિદેશકએ કહ્યું કે, દર વર્ષે રાષ્ટ્રીય એકતા દિવસના ઉપલક્ષ્યમાં કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગ દ્વારા આરંભ કાર્યક્રમનું આયોજન એકતાનગર ખાતે કરવામાં આવે છે. આ વર્ષે આ કાર્યક્રમમાં લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ફોર એડમિનિસ્ટ્રેશન-LBSNAAના ૬૬૦ જેટલા પ્રશિક્ષણાર્થીઓ ભાગ લેવાના છે.

સરદાર સાહેબના જીવન કવનને ઉજાગર કરતી નાટ્ય પ્રસ્તુતિ 'લોહપુરુષ' પણ આ પ્રસંગે નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા દ્વારા ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલયના ઉપક્રમે રજૂ કરવામાં આવશે.

પંકજ જોશી અને વિકાસ સહાયે ઉમેર્યું કે, આ વર્ષે પ્રકાશ પર્વ દિવાળી, નૂતન વર્ષ અને સરદાર સાહેબની જન્મજયંતિ ઉજવણીની ત્રિવેણીરૂપે રાજ્ય સરકાર દ્વારા ૧૭ ઓક્ટોબરથી ૧૫ નવેમ્બર દરમિયાન એકતાનગર ખાતે પ્રકાશ પર્વ અન્વયે દરરોજ સાંજે ૭થી ૧૧ વાગ્યા સુધી સૌંદર્યમય લાઈટિંગ અને સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળી શકાશે.

આ હેતુસર એકતાનગર ખાતેની વેલી ઓફ ફ્લાવર્સ જવા માટેના માર્ગને ૧૩ થીમ આધારિત ઝોનમાં વિભાજિત કરવામાં આવ્યો છે અને દરેક ઝોનમાં સિલીંગ લાઈટ,રોડ સાઈડ ઈલ્યુમિનેશન આર્ટીકલ્સ તથા ફોટો-સેલ્ફી પોઈન્ટ્સ ઊભા કરવામાં આવ્યા છે.

લોહપુરુષ સરદાર પટેલે એક અને અખંડ ભારતનું નિર્માણ કર્યું છે તેને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ના મંત્રથી વધુ સુદ્રઢ રાષ્ટ્ર બનાવ્યું છે. સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતિના આ વર્ષે એકતાનગર ખાતે ૧ થી ૧૫ નવેમ્બર દરમિયાન ભારત પર્વ ૨૦૨૫નું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

મુખ્ય સચિવ અને પોલીસ મહાનિદેશકએ આ આયોજનની વિસ્તૃત વિગતો આપતા કહ્યું કે, અનેકતામાં એકતા એ જ આપણી વિશેષતાનો ભાવ પ્રદર્શિત કરતી સંસ્કૃતિની ઝલક એક જ સ્થળેથી નિહાળવાની તક આ પર્વમાં લોકોને મળવાની છે.

તેમણે ઉમેર્યું કે, આ ૧૫ દિવસ દરમિયાન ૪૫ ફૂડ સ્ટોલ, ૫૫ હસ્તકલા અને હેન્ડલૂમ સ્ટોલ, વિવિધ રાજ્યોના પેવેલિયન્સ અને ૨૮ રાજ્ય તેમજ ૮ કેન્દ્રશાસિત પ્રદેશોના સાંસ્કૃતિક પ્રદર્શનો યોજાવાના છે.

ભારત પર્વ-૨૦૨૫ અંતર્ગત ૧ થી ૧૫ નવેમ્બર દરમિયાન દરરોજ સાંજે દેશના જુદાજુદા રાજ્યોની સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ, પરંપરાગત કલા-સંસ્કૃતિને ઉજાગર કરશે.

આદિવાસીઓના ભગવાન બિરસા મુંડાજીની પણ આ વર્ષે ૧૫૦મી જન્મજયંતિ ઉજવાઈ રહી છે તેના ઉપલક્ષ્યમાં એકતાનગર ખાતે બિરસા મુંડા જયંતિએ વિશેષ પ્રસ્તુતિ યોજાવાની છે.

આ સાથે જ વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પરંપરાગત ખાનપાન વ્યંજનો પીરસતા ૪૫ ફૂડ સ્ટોલ અને એક લાઈવ સ્ટુડિયો કિચનનું પણ આયોજન છે.

મુખ્ય સચિવ અને પોલીસ મહાનિર્દેશકએ ઉમેર્યું કે, ભારત પર્વની ડેમ વ્યુ પોઈન્ટ-૧ ખાતે થનારી ૧૫ દિવસીય ઉજવણીના સમાપને ખાતે સાયકલોથોન ઈવેન્ટ યોજાશે તેમાં ૧૬ નવેમ્બરે ભારત અને ગુજરાત સરકારના વિશેષ મહાનુભાવો સાથે સાયકલિંગ ફન રાઈડ અને ૧૭ નવેમ્બરે ગુજરાત સરકારના રમતગમત વિભાગના સહયોગથી સાયક્લોથોન સ્પર્ધાનું આયોજન કરાશે.

આ સ્પર્ધામાં દેશભરમાંથી અંદાજે પાંચ હજાર સાયકલ ચાલકો સહભાગી થશે.

તેમણે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિ-માં યોજાનારા આ રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવણી કાર્યક્રમઓને આખરી ઓપ આપી દેવાયો છે અને એકતાનગર ખાતે પ્રકાશ પર્વ તો દીપાવલીના તહેવારો દરમિયાન લાખો લોકોનું આકર્ષણ બન્યું છે.

મુખ્ય સચિવ અને પોલીસ મહાનિદેશકએ કહ્યું કે, રાષ્ટ્રીય એકતા દિવસની આ ગરિમામય ઉજવણી જન-જનમાં રાષ્ટ્રપ્રેમ બળવત્તર બનાવીને નેશન ફર્સ્ટનો ભાવ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ઉજાગર કરનારો અનેરો ઉત્સવ બનશે.

સંત શિરોમણી જલારામ બાપાની ૨૨૬મી જન્મ જયંતિની વિરપુરમાં ઉજવણી

મુખ્ય સમાચાર, વિરપુર

''જયા ટુકડો ત્યા હરી ઢુકડો '' ને જીવન મંત્ર બનાવનાર સંત શિરોમણી જલારામ બાપાની આજે ૨૨૬મી જન્મ જયંતિ છે. પૂજ્ય બાપાની ૨૨૬મી જન્મ જયંતિ નિમિતે આજે બાપાની જન્મ ભૂમિ વીરપુર ખાતે દર્શનાર્થે ભાવિકોની ભીડ ઉમટી પડી હતી. બાપાની જન્મ જયંતિ નિમિતે દેશ વિદેશથી ભાવિકો પ્રથમ આરતીનો લાભ લેવા અને દર્શન માટે મોડી રાતથી જ આવી ગયા હતાં. મંદિરની બંને બાજુ એક એક કિમીની કતારો લાગી ગઈ હતી.

આજે પૂજ્ય બાપાના પરીવાર દ્વારા વહેલી સવારે બાપાની સમાધિએ પૂજા અર્ચના કરી નિજ મંદિરે પ્રથમ આરતી ઉતારીને ભાવિકો માટે દર્શન ખુલ્લા મૂક્યા હતાં. જલારામ જયંતીની ઉજવણી માટે વીરપુરવાસીઓ દ્વારા પણ ઘરેઘરે રંગોળી, દરવાજે આસોપાલવના તોરણ તેમજ ઘર પર રોશનીનો શણગાર કરવામાં આવ્યો છે. અત્યારે વીરપુરમાં જલારામ જયંતિએ બીજી દિવાળી જેવો માહોલ સર્જાયો છે. મુખ્ય રસ્તા તેમજ ચોકમાં પૂજ્ય બાપાના જીવન કવનને દર્શાવતી ઝાંખીઓ બનાવવામાં આવી છે. તેમજ ભાવિકો માટે વીરપુર પહોચવાના રસ્તાઓ પર પાણી, સરબત તેમજ છાશના પરબ અને ઠેરઠેર પ્રસાદ વિતરણ કરવામાં આવી રહ્યો છે. બાપાની ૨૨૬મી જન્મ જયંતિ હોય જ્યોત્સવ સમિતિ દ્વારા ૨૨૬ કિલો બુંદીનો પ્રસાદ ભાવિકોને વિતરણ કરવામાં આવશે,

સૌરાષ્ટ્રના જગવિખ્યાત યાત્રાધામ વિરપુરમાં પૂજ્ય જલારામ બાપાની ૨૨૬મી જન્મ જયંતિને લઈને ભવ્ય શોભાયાત્રા યોજાવામાં આવી,જેમાં ભાવિકોને ૨૨૬ કિલો બુંદી ગાંઠિયાનો પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું, સાથે પૂજ્ય જલારામ બાપાએ ૨૦૦ વર્ષ પહેલા બુંદી અને ગાંઠિયાના પ્રસાદ થી સદાવ્રતની શરૂઆત કરી હતી જેમને લઈને આ વર્ષે જલાબાપાની ૨૨૬મી જન્મ જયંતિ હોવાથી ૨૨૬ કિલો બુંદી ગાંઠિયાનો પ્રસાદ શોભાયાત્રા માં ભાવિકોને આપવામાં આવ્યો હતો,પૂજ્ય જલારામ બાપાની ૨૨૬મી જન્મ જયંતિ હોવાથી વીરપુર વાસીઓમાં અને ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે,અને વીરપુર ખાતે ભક્તો ઉમટી પડ્યા હતા,

ભજન, ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમ એટલે જલારામબાપાનું વિરપુર ધામ તેમાં કોઈ પણ જાતનું દાન કે ભેંટ પૂજા સ્વીકાર્યો વગર સદાવ્રત ચાલું હોવાને ૨૫ વર્ષ થઈ ગયા છે. આજે પૂજ્ય બાપાની જન્મ જયંતિ નિમિતે દેશ-વિદેશથી પધારેલા લાખો શ્રધ્ધાળુંઓએ પ્રસાદ લીધો હતો. અને હજુ પૂજ્ય જલારામબાપાના ભક્તોનો પ્રવાહ અવિરત પણે હજુ વીરપુર બાજુ આવી રહ્યો છે. ગાગર જેવડા વીરપુરમાં સાગર જેવડો સંત પૂજ્ય જલારામબાપાની જન્મ જયંતીની ભારે ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

જામનગર સિંધી સમાજના યુવાનો દ્વારા 'પ્રકાશના પર્વ'ની અનોખી ઉજવણી

શહેરની ઝૂંપડપટ્ટીના ભૂલકાઓના ચહેરા પર લહેરાવી સ્મિતની રોશની !

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર દર વર્ષની જેમ આ વર્ષે પણ જામનગર સિંધી સમાજના સેવાભાવી નવયુવાનો દ્વારા પ્રકાશ નું પર્વ દીપોત્સવ દિવાળી અને નૂતનવર્ષના પવિત્ર તહેવારની અનોખી ઉજવણી કરવામાં આવી છે. શહેરમાં રહેતા અનેક જરૂરિયાત મંદ વંચિત પરિવારોના માસૂમ ભૂલકાઓના જીવનમાં દિવાળીનો સાચો આનંદ લાવવાના ઉમદા હેતુથી યુવાનોની ટીમે શહેરના છેવાડા સુધીના તમામ ઝૂંપડપટ્ટી વિસ્તારો તેમજ ખુલ્લામાં અને ફૂટપાથ પર જીવન ગુજારતા પરિવારો સુધી પહોંચીને તેમની સાથે દિવાળીની ઉજવણી કરી હતી.સિંધી સમાજના આ યુવાનોએ માત્ર પરંપરા નહીં, પરંતુ લાગણી અને સેવાભાવ સાથે આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. યુવાનોએ આ ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોના બાળકોને મીઠાઈ, ફૂડ પેકેટ તેમજ ફટાકડા આપીને તેમની દિવાળીની ખુશીને બેવડાવી દીધી હતી.જ્યારે ઝૂંપડપટ્ટીના માસૂમ ભૂલકાઓને મીઠાઈ અને નવા ફટાકડા મળ્યા, ત્યારે તેમના ચહેરા પર જે નિર્દોષ સ્મિત જોવા મળ્યું, તે જ આ સેવાકાર્યની સૌથી મોટી સફળતા હતી. યુવાનોએ આ બાળકો સાથે થોડો સમય વિતાવીને તેમના જીવનમાં પ્રેમ અને હૂંફનો સ્પર્શ આપ્યો હતો, જે દિવાળીના સાચા અર્થને સાર્થક કરે છે.આ કાર્યક્રમ માત્ર વસ્તુઓનું વિતરણ નહોતો, પરંતુ તે માનવતા અને સામાજિક જવાબદારીનો ઉત્તમ દાખલો છે. સિંધી

સમાજના આ નવયુવાનોએ સમાજને સંદેશ આપ્યો છે કે તહેવારોની સાચી ઉજવણી ત્યારે જ થાય છે, જ્યારે આપણે જરૂરિયાત મંદ વંચિત રહેલા લોકોને પણ ખુશીમાં સામેલ કરીએ.સિંધી સમાજના યુવાનોની આ પહેલની શહેરભરમાં પ્રશંસા થઈ રહી છે અને આ કાર્યક્રમ અન્ય સમાજસેવી સંસ્થાઓ તેમજ યુવાનો માટે નવી પ્રેરણા પૂરી પાડે છે આ સેવાકીય કાર્ય ની જહેમત સિંધી સમાજ ના યુવા સામાજિક કાર્યકર કપિલ મેઠવાણી તેમજ સાથી મિત્રો રવિ જોબનપુત્રા, નરેશ ગંગાણી, ભરત બાલચંદાણી, હિતેશ લાલવાણી, નીતિન ગજરા, દીપક માવાણી, મનીષ રાજાણી સહિત ના તમામ યુવા મિત્રો એ પ્રેરણારૂપ દિવાળી ની સેવા ની જહેમત ઉઠાવી સાર્થક દિવાળી ની ઉજવણી કરી હતી.

મોરબી પરશુરામ પોટરીના ગ્રાઉન્ડમાંથી ઈંગ્લીશ દારૂની ૬ બોટલ સાથે એક પકડાયો

મોરબી-૨ નજર બાગ ફાટક સામે પરશુરામ પોટરીના ગ્રાઉન્ડમાં પ્લાસ્ટિકની થેલી લઈને શંકાસ્પદ હાલતમાં ઉભેલ એક ઇસમને રોકી તેની પાસે રહેલ થેલીની તલાસી લેતા તેમાંથી ઈંગ્લીશ દારૂ ગ્રીન લેબલ વ્હિસ્કીની ૬ બોટલ કિ.રૂ.૬,૬૦૦/- મળી આવી હતી, જેથી બી ડિવિઝન પોલીસે આરોપી રવિભાઈ ઉર્ફે ઘુચરી રાજુભાઇ રાઠોડ ઉવ.૨૬ રહે. સો ઓરડી વરીયાનગર મોરબી-૨ વાળાની અટક કરી, પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માળીયા(મી) કોબા વાંઢ વિસ્તારમાં દેશી દારૂની ચાલુ ભઠ્ઠી ઝડપાઇ, આરોપી અંધારામાં અલોપ

માળીયા(મી) પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મળેલ બાતમીને આધારે કોબા વાંઢ વિસ્તારમાં ધમધમતી દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ઉપર રેઇડ કરી ૧૦૦ લીટર ગરમ આથો, ૧૬૦૦ લીટર ઠંડો આથો, ૬૦ લીટર દેશી દારૂ તથા ભઠ્ઠીના સાધનો સહિત કુલ રૂ.૫૪,૫૦૦/-નો મુદ્દામાલ ઝડપી લેવામાં આવ્યો હતો. રેઇડ દરમિયાન પોલીસને દૂરથી આવતા જોઈ આરોપી ફારૂકભાઈ દિલાવરભાઈ જેડા રહે.માળીયા(મી) વાળો અંધારાનો લાભ લઇ નાસી ગયો હતો.

મોરબીના ભડિયાદ ગામે વર્લી ફીચર્સના આંકડાનો જુગાર રમતા એક પકડાયો

મોરબીના ભડિયાદ ગામે જુના રફાળેશ્વર રોડ રામાપીરના ઢોરા પાસે જાહેરમાં વર્લી ફિચર્સના આંકડાઓ ઉપર પૈસાની લેતી દેતી કરી નસીબ આધારિત હારજીતનો જુગાર રમતા નીતિનભાઈ ધીરુભાઈ અગેચણીયા ઉવ.૨૨ રહે. કબીર ટેકરી શેરી નં.૨ મોરબી વાળાને તાલુકા પોલીસે રોકડા રૂ.૩૫૦/- તથા વર્લી મટકાના આંકડાનો જુગાર રમવાના સાહિત્ય સાથે ઝડપી લઈ તેની વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

હળવદ તાલુકાના માથક ગામે મહિલાએ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો

હળવદ તાલુકાના માથક ગામે ૪૮ વર્ષીય મહિલાએ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. ઘટના અંગે હળવદ પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે. હળવદ તાલુકાના માથક ગામે રહેતા ૪૮ વર્ષીય નીતાબેન અરજણભાઈ ચાવડાએ ગઈકાલ તા. ૨૮/૧૦/૨૦૨૫ના રોજ પોતાના રહેણાંક મકાનમાં કોઇ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. ઘટનાની જાણ થતાં પરિવારજનો દ્વારા મૃતકને તાત્કાલિક ચરાડવા સી.એચ.સી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી, જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી નીતાબેન મૃત્યુ નિપજ્યા હોવાનું જાહેર કર્યું હતું.

સ્ટ્રેસ અને ફાસ્ટફૂડથી બ્રેઇન સ્ટ્રોક આવી શકે છેઃ સિનર્જી હોસ્પિટલના તબીબોએ આપ્યું માર્ગદર્શન

ભુજના યુવા ન્યુરોલોજિસ્ટ પણ બન્યા શિકાર

તસ્વીર : ગૌરવ લશ્કરી

મુખ્ય સમાચાર, રાજકોટ

હાર્ટ એટેકની સાથે સાથે આજકાલ યુવાનોમાં બ્રેઇન સ્ટ્રોકના બનાવો સતત ચિંતા જનક રીતે વધી રહ્યા છે. આજે ૨૯ ઓક્ટોબરની વર્લ્ડ બ્રેઇન સ્ટ્રોક ડે તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. આ સાથે જ આ વર્ષે (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન) દ્વારા એવરી મિનિટ કાઉન્ટ થીમ એટલે કે તત્કાલ ઝડપી સારવાર મેળવવા સૂચન સાથે ઉજવણી કરવા નિર્ણય કર્યો છે. કોરોના પછી છેલ્લા ત્રણ-ચાર વર્ષથી બ્રેઇન સ્ટ્રોકના બનાવ યુવાવસ્થામાં વધ્યા છે તેવું સિનર્જી હોસ્પિટલના તબીબોનું માનવું છે જે સૌથી મોટો ચિંતાનો વિષય છે. ત્યારે આવો જાણીએ બ્રેઇન સ્ટ્રોક થવાના કારણો તેના લક્ષણો અને કેવી રીતે બચી શકાય.

પત્રકારો સાથેની વાતચીતમાં ડો. સંજય ટીલાળા જણાવ્યું હતું કે, હાલમાં દર એક હજારે ૧ વ્યક્તિને અને એ સરખી ઉંમરના ૪ વ્યકતિ પૈકી એક વ્યક્તિને બ્રેઇન સ્ટ્રોક આવી રહ્યો છે જે ખૂબ ચિંતાજનક સ્થિતિ માનવામાં આવે છે. ૨૯ ઓક્ટોબર એટલે કે વર્લ્ડ બ્રેઇન સ્ટ્રોક ડે તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. WHO દ્વારા આ વર્ષની થીમ એવરી મિનિટ કાઉન્ટ એટલે કે સ્ટ્રોક આવ્યા પછી એક પણ મિનિટ બગાડ્યા વગર તત્કાલ સારવાર લેવી જોઈએ જેના થકી લાઈફ લોન્ગ, લકવો કે પેરાલીસીસ અથવા ખોટખાંપણ રહેવાની શક્યતા ખુબ ઓછી કરી શકીએ છીએ.

સિનર્જી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ સૌરાષ્ટ્ર કચ્છ વિસ્તારના દર્દીઓની સારવારમાં ખુબ જ આદર અને વિશ્વાસથી લેવાતું નામ છે. સિનર્જી હોસ્પિટલ સૌરાષ્ટ્રના બ્રેઇન સ્ટ્રોકના દર્દીઓને શ્રેષ્ઠ સારવાર આપવા માટે અતિ આધુનિક યુનિટ ધરાવે છે.

અયોધ્યા ચોક ,૧૫૦ ફુટ રીંગ રોડ ઉપર આવેલી સિનર્જી હોસ્પિટલનું નામ હવે સમગ્ર સૌરાષ્ટ કચ્છમાં જાણીતું થઇ ગયુ છે. ઈમર્જન્સીના સંજોગોમાં સારવાર માટે દર્દીઓના સગા - પરિવારજનો 24X7 સિનર્જી સ્ટ્રોક યુનિટની હેલ્પલાઇનનો સંપર્ક મોબાઇલ નંબર ૯૧ ૯૫૧૨૧ ૪૦૦૮૧ ઉપર કરી શકે છે.

શાપર-વેરાવળ નજીક અકસ્માત થતા અજાણ્યા યુવકનું મોત

અકસ્માત સર્જી નાસી છૂટેલા અજાણ્યા કાર ચાલક અને મૃતકના વાલીવારસની શોધખોળ

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ ગોંડલ હાઈવે પર અવાર નવાર અકસ્માતના બનાવો વધી રહ્યા છે. હાઈવે પર સિક્સલેનનું કામ ચાલુ હોવાથી ઠેર ઠેર ડાયવર્ઝન આપવામાં આવ્યા હોવાથી ટ્રાફિક જામની સમસ્યા પણ સર્જાતી રહે છે. જયારે વહેલી સવારે શાપર-વેરાવળ નજીક હિટ એન્ડ રનની ઘટના સામે આવી હતી. પુર પાટ ઝડપે આવતા અજાણી કારનો ચાલક ઠોકરે ચડાવી નાશી છૂટતા અજાણ્યા યુવાનનું ગંભીર ઈજા થતા મોત નીપજ્યુ હતું. આ અંગે શાપર-વેરાવળ પોલીસે જરૂરી કાર્યવાહી કરી અકસ્માત સર્જી નાશી છૂટેલા કાર ચાલકની શોધખોળ હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ શાપર-વેરાવળ નજીક આવેલા ભૂમિ ગેઈટ પાસે આજે સવારે ૬.૩૦ વાગ્યાના અરસામાં અકસ્માતનો બનાવ સામે આવ્યો હતો. હાઈવે પર પૂરપાટ ઝડપે આવતી અજાણી કારનો ચાલક રસ્તા પર પસાર થતાં યુવાનને ઠોકરે ચડાવી નાશી છૂટ્યો હતો.

અકસ્માતને પગલે લોકોના ટોળા એકઠા થઇ ગયા હતા. આ બનાવમાં અજાણાયા યુવાન (ઉ.વ. આશરે૩૦)ને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજા થતા તાત્કાલીક સરવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયા તબીબો દ્વારા તેની સારવાર શરૂ કરવામાં આવી હતી. પરંતુ ટૂંકી સારવાર દરમિયાન બપોરે તેનું મોત નીપજ્યુ હતું. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી શાપર-વેરાવળ પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતક અજાણા યુવાનની ઓળખ મેળવવા તેના વાલી વારસની શોધખોળ હાથ ધરી છે. બીજી તરફ અકસ્માત સર્જી નાશી છૂટેલા અજાણા કાર ચાલક વિરૂધ્ધ ગુનો નોંધવા અને તેને ઝડપી લેવા ચક્રો ગતીમાન કર્યા છે.

રાજુલાના ધારેશ્વર ગામની નદીમાં નહાવા પડેલા ૩ ભાઇ સહિત ૪ યુવાનો ડુબ્યા

યુવાનોના બચાવ માટે કોસ્ટગાર્ડની ટીમ દ્વારા રેસ્ક્યુ ઓપરેશન ખુદ ધારાસભ્ય સોલંકી નદીમાં ઉતરી બચાવ કામગીરીમાં જોડાયા

મુખ્ય સમાચાર, રાજુલા

રાજુલા તાલુકાના ધારેશ્વર ગામની ધાતરવડી નદીમાં ત્રણ સગાભાઈ સહિત ૪ યુવાનો ડૂબ્યા છે. યુવાનો નહાવા પડયા હતા. જે બાદ ડૂબવા લાગતા ગ્રામજનો મદદ માટે દોડયા હતા. મામલતદાર અને પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી છે. યુવાનોની શોધખોળ હાથ ધરવામાં આવી છે. બોટ દ્વારા શોધખોળ માટે કોસ્ટગાર્ડની ટીમ પણ આવી પહોંચી હતી. ધારાસભ્ય હીરા સોલંકી પણ શર્ટ કાઢી રેસ્ક્યુ કરવા પહોંચ્યા હતા અને નદીના પ્રવાહમાં ઉતરી બચાવ કામગીરીમાં જોડાયા હતા. ધારાસભ્ય હીરા સોલંકીએ જણાવ્યું હતું



કે, ત્રણ સગાભાઈ સહિત ચાર લોકો ડૂબ્યા હોવાની જાણ થતાં જ અમે તાત્કાલીક સ્થળ પર આવી પહોંચ્યા છીએ. તરવૈયાની આખી ટીમ પણ આવી પહોંચી છે. તેઓના પરિવારજનો પર મોટુ દુખ આવ્યું છે. ત્યારે અમે પ્રયત્ન કરી રહ્યા છીએ કે આ તમામ લોકો સહિસલામત મળી આવે. ઈન્ચાર્જ મામલદાર ભગીરથ ચૌહાણે જણાવ્યું કે, ૪ યુવાનો ડૂબ્યા હોવાની માહિતી મળતા ઘટના સ્થળે પહોંચી બચાવ કામગીરી શરૂ કરી છે. કોસ્ટગાર્ડને પણ જાણ કરાઈ છે. અન્ય ટીમો પણ બોલાવવામાં આવી છે. સ્થાનિક દિલીપ સોજીત્રાએ જણાવ્યું હતું કે, અમારા ગામની ધાતરવડી નદીમાં છોકરાઓ નહાવા અથવા અન્ય કામ અર્થે આવ્યાં હતા. આ તમામ છોકરાઓને તરતા આવડે છે. પણ નદીમાં પૂર આવવાથી પાણીમાં વમળ સર્જાયું, જેથી તેઓ બહાર નીકળી શક્યા નહોતા. ૪ છોકરાઓ અહિં ફસાયેલા છે તેવી માહિતી મળી છે. હાલ તંત્ર બચાવ કામગીરી કરી રહ્યું છે. તાજેતરમાં અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદ વરસ્યો હતો. ખાસ કરીને રાજુલા તાલુકામાં ૬ ઈંચથી પણ વધુ વરસાદ વરસ્યો છે. જેથી મોટા ભાગની નદીઓ બે કાંઠે વહેતી થઈ છે. ત્યારે ધાતરવડી નદીમાં પણ પૂર આવ્યું છે. નદીમાં ધસમસતા પ્રવાહમાં આ ચારેય યુવકો ડૂબ્યા છે. તેઓને તરતા આવડતું હતું, જોકે, પાણીમાં વમળ સર્જાયું છે એટલે કે પાણી ઘૂમરી મારી રહ્યું છે જેને કારણે તેઓ નદીમાં પ્રવાહમાંથી બહાર નીકળી શક્યા ન હતા અને ડૂબ્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

રૈયારોડ પર થયેલ ચકચારી ખુન કેસમાં ત્રણેય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકતી રાજકોટ સેશન્સ કોર્ટ

આરોપી તરફે એડવોકેટ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, વિજયભાઈ ભલસોડ, હુસૈનભાઈ હેરંજા, રીતિનભાઈ મેંદપરા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જસ્મિનભાઈ ઠાકર, જીતભાઈ શાહ, ફેઝાનભાઈ સમા, દિપકભાઇ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા, પ્રેમરાજસિંહ પરમાર રોકાયા હતા

મુખ્ય સમાચાર, રાજકોટ

ગત તારીખ ૫/૧૦/૨૦૨૩ના રોજ ફરીયાદી રમજાનભાઇ આમદભાઈ કચરા તથા ગુજરનાર જુનેદભાઈ રમજાનભાઇ કચરા આઝાદ ચોક, રૈયારોડે પોતાની ઈંડાની લારીએ રાત્રીના ૧૦૩૦ વાગ્યા આસપાસ હતા ત્યારે ગુજરનાર જુનેદભાઈ કચરાના મિત્ર અરબાઝ રૂસ્તમભાઈ શેખ, રીયાઝ ઉર્ફે ભુરો રહિમભાઈ ખીરા, સુમીત વિનોદભાઇ હજારી આવેલા અને ગુજરનાર જુનેદભાઈને સાઈડમાં બોલાવી વાત-ચીત કરતાં હતા કે અમારા રૂપીયા ૬૦,૦૦૦/- આપીદે નહીતર સારા વટ નહીં રહે તેમ કહેતા ગુજરનાર જુનેદભાઈએ કહેલ કે હાલ મારી પાસે પૈસા નથી સગવડતા થશે ત્યારે તમારા પૈસા આપી દઇશ તેમ કહેતા ત્રણેય આરોપીઓ અરબાઝ રૂસ્તમભાઈ શેખ, રીયાઝ ઉર્ફે ભુરો રહિમભાઈ ખીરા, સુમીત વિનોદભાઇ હજારી એકદમ ઉશ્કેરાઈ જઇ ગુજરનાર જુનેદભાઈને શરીરમાં છાતીના ભાગે, હોઠના ભાગે, પગના ભાગે છરીના અસંખ્ય ઘા મારતા ગુજરનાર જુનેદભાઈ લોહી-લુહાણ થઈ પડી ગયેલ અને ફરીયાદી રમજાનભાઈ આમદભાઈ કચરા ગુજરનાર જુનેદભાઈને બચાવવા વચ્ચે પડતાં આરોપીઓએ છરી લઈ ફરીયાદીને છરીનો ઘા મારવા જતાં ફરીયાદીએ આડો હાથ રાખતા ફરીયાદીને જમણા હાથમાં છરી વાગી જતાં ફરીયાદી રાડારાડી કરતાં બાજુમાં ઈંડાની લારીવાળા આ કેસના સાહેદ અશરફભાઈ મામટી આવી જતાં ત્રણેય આરોપીઓ અરબાઝ રૂસ્તમભાઈ શેખ, રીયાઝ ઉર્ફે ભુરો રહિમભાઈ ખીરા, સુમીત વિનોદભાઈ હજારી ત્યાથી નાશી છુટેલ ત્યારબાદ ગુજરનારને રીક્ષા મારફત સરકારી હોસ્પિટલે લઈ ગયેલ અને ત્યાં ફરજ પરના ડોક્ટરએ જુનેદભાઈને મૃત જાહેર કરેલ જે બાબતની ફરિયાદ ગુજરનારના પિતાએ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ઇ.પી.કો. કલમ ૩૦૨, ૧૧૪ તથા જી.પી.એક્ટ ૧૩૫(૧) વિગેરે કલમો અન્વયે ફરીયાદ નોંધાવેલ જેથી પોલીસે આરોપીઓ વિરુદ્ધ તપાસ ચાલુ કરીને ગુન્હામાં સંડોવાયેલ ત્રણેય આરોપીઓ અરબાઝ રૂસ્તમભાઈ શેખ, રીયાઝ ઉર્ફે ભુરો રહિમભાઈ ખીરા, સુમીત વિનોદભાઇ ગાંધીગ્રામ પોલીસે ધરપકડ કરેલ તેમજ આરોપીઓ પાસેથી ગુન્હામાં વપરાયેલ લોહીવાળી છરી તેમજ સમગ્ર બનાવ જેમાં ફેક થયેલ તે રૈયારોડ આઝાદ ચોક સાગર એગ્રોન નામની નોનવેજની હોટલના સી.સી.ટી.વી. ફૂટેજ પણ પોલીસ દ્વારા કબ્જે કરેલ અને સદરહુ ફૂટેજ એફ.એસ.એલ ખાતે મોકલેલહતા તથા આરોપીઓને જેલ હવાલે કરેલ અને તેમના વિરુદ્ધ તપાસના અંતે ચાર્જશીટ દાખલ કરેલ. ત્યારબાદ હાલનો કેસ રાજકોટની એડી.સેશન્સ કોર્ટમાં ચાલી જતાં બનાવ નજરે જોનાર સાહેદો, ફરિયાદીની જુબાની, વિવિધ પંચનામાં ના પંચો, મેડિકલ ઓફિસરની જુબાની તથા તપાસ કરનાર અધિકારી વિગેરેની જુબાની નોંધેલ તેમજ સી.સી.ટી.વી. ફૂટેજની સી.ડી. કબ્જે કર્યાના પંચ વિગેરેની જુબાની નોંધ્યાબાદ ફરિયાદપક્ષ અને આરોપીના વકીલ ની દલીલો સાંભળ્યા બાદ તથા ઉચ્ચ ન્યાયાલયોના ચુકાદાઓના માર્ગદર્શક સિદ્ધાંતોને ધ્યાને લઈને રાજકોટ એડિશનલ સેશન્સ કોર્ટ દ્વારા ત્રણેય આરોપીઓ અરબાઝ રૂસ્તમભાઈ શેખ, રીયાઝ ઉર્ફે ભુરો રહિમભાઈ ખીરા, સુમીત વિનોદભાઇ હજારીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે.

આ કામમાં ત્રણેય આરોપીઓ અરબાઝ રૂસ્તમભાઈ શેખ, રીયાઝ ઉર્ફે ભુરો રહિમભાઈ ખીરા, સુમીત વિનોદભાઇ હજારી વતી રાજકોટના એડવોકેટ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, વિજયભાઈ ભલસોડ, હુસૈનભાઈ હેરંજા, રીતિનભાઈ મેંદપરા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જસ્મિનભાઈ ઠાકર, જીતભાઈ શાહ, ફેઝાનભાઈ સમા, દિપકભાઇ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા, પ્રેમરાજસિંહ પરમાર રોકાયેલ હતા.

ગોંડલમાં સાડા સાત હજારના ગાંજા સાથે બુટલેગર ઝડપાયો

ભાવનગર રોડ પર વિઠ્ઠલવાવ પાસેથી બાઇક ચોરી કરનાર તસ્કરની ધરપકડ

મુખ્ય સમાચાર, રાજકોટ

ગ્રામ્ય એસઓજીની ટીમે બાતમીના આધારે ગોંડલમાંથી ગાંજાના જથ્થા સાથે બુટલેગરને અને રાજકોટમાં એ-ડિવિઝન પોલીસે લીમડા ચોક શાસ્ત્રી મેદાન પાસેથી વાહન ચોરને દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ ગ્રામ્ય એસઓજીના પીઆઇ એફ.એ.પારગીની સુચનાથી પીએસઆઇ એ.એમ.ચાવડા, એએસઆઇ પરબતભાઇ સહિતનો સ્ટાફ ગોંડલ સીટી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમીના આધારે જીતુ પાચા મકવાણા (રહે.ગોંડલ વેરી દરવાજા, શાકમાર્કેટ પાસે, બેઠીઘાબી મફતીયાપરા)ને દબોચી લઈ તેની અંગઝડતી તેના કબ્જામાં ૭૫૭ ગ્રામ ગાંજાનો જથ્થો કિંમત રૂ.૭૫૭૦

મળી આવતા એક મોબાઇલ સહિત રૂ.૧૨૫૭૦નો મુદ્દામાલ કબ્જે કરી જીતુ મકવાણાની ધરપકડ કરી હતી.

જયારે અન્ય એક બનાવમાં એ-ડિવિઝન પોલીસના પીઆઇ બી.વી.બોરીસાગરની સુચનાથી હેડ કોન્સ. સાગરભાઇ તથા કનુભાઇ સહિતનો સ્ટાફ શાસ્ત્રી મેદાન લીમડા ચોક પાસે પેટ્રોલિંગમાં હતા ત્યારે વિજય જેસુર સાડમીયા (રહે. એરપોર્ટ ફાટક રેલ્વેના પાટા પાસે ઝુંપડપટ્ટી) નામનો શખ્સ શંકાસ્પદ બાઇક લઇ નિકળતા પોલીસે અટકાવી ઈ-ગુજકોક એપ્લીકેશનની મદદથી બાઇકના એન્જીન ચેચીસ નંબર ચેક કરતા બાઇક ચોરાઉ હોવાનું માલુમ પડતા વિજય સાડમીયાની આકરી પુછપરછ કરતા આ બાઇક ભાવનગર રોડ પર આવેલ વિઠ્ઠલવાવ ગૌશાળા પાસેથી ૧૫ દિવસ પહેલા ચોરી કર્યાની કબુલાત આપતા પોલીસે રૂ.૮૦૦૦૦ની કિંમતનું બાઇક કબ્જે કરી વાહન ચોરની ધરપકડ કરી છે.

માધાપર ચોકડી પાસે ટ્રક ચાલકે બાઈક સવારને ઠોકરે ચડાવતા કરૂણ મોત

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર માધાપર ચોકડી પાસે મહેસુર ભગત ચોક નજીક ટ્રક ચાલકે બાઇકને ઠોકરે ચડાવતા આશાસ્પદ લોહાણા યુવાનનું મોત નિપજતા પરિવારમાં કરૂણ કલ્પાંત સર્જાયો છે.

આ અંગેની વિગત મુજબ રેલનગરમાં પેટ્રોલ પંપની બાજુમાં આવેલ આશોપાલવ રેસીડેન્સીમાં રહેતા વિપુલભાઈ શાંતિલાલ સાયાણી (ઉ.વ.૫૪) નામના લોહાણા વેપારીએ ગાંધીગ્રામ પોલીસમાં ટ્રક નંબર જીજે૩૮ટી૫૧૮ ના ચાલક વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, ગઇકાલે બપોરના સમયે તેનો પુત્ર ધ્રુવીલ (ઉ.વ.૧૮) પોતાનું બાઇક લઇ ઘરેથી નાણાવટી ચોક જવા માટે નિકળ્યો ત્યારે માધાપર ચોકડી પાસે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર મહેસુર ભગત ચોક પાસે પહોંચતા ટ્રક નંબર જીજે૩૮ટી૫૧૮ના ચાલકે પુરપાટ ઝડપે બેફિકરાઈથી ટ્રક ચલાવી બાઇકને ઠફકેંદે લેતા ધ્રુવીલને પેટના ભાગે ગંભીર ઈજા થતા તેનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજર્યું હતું. બનાવના પગલે પીઆઇ પી.બી.વાઢોતરીયાએ ટ્રક ચાલક સામે ગુન્હો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી હતી.

સીજીએસટી વિભાગમાં નોકરી આપવાની લાલચ આપી યુવાન સાથે ૩.૮.૨૯ લાખની ઠગાઇ

ગંજીવાડાના ઠગ શખ્સ સામે ગાંધીગ્રામ પોલીસમાં વૃધ્ધે ફરીયાદ નોંધાવીઃ આરોપીની શોધખોળ

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ શહેરમાં સીજીએસટી વિભાગમાં કોન્ટ્રાક બેઇઝ પર નોકરી કરતા યુવાનને આજ વિભાગમાં કાયમી નોકરી અપાવી દેવાની લાલચ આપી ગંજીવાડામાં રહેતા શખ્સે રૂ.૮.૨૯ લાખ કટકે કટકે પડાવી લઈ નોકરી નહીં આપી ઠગાઇ કરતા ગાંધીગ્રામ પોલીસમાં યુવકના પિતાએ ફરીયાદ નોંધાવતા પોલીસે ઠગ શખ્સની શોધખોળ આદરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી વિગતો મુજબ શહેરના ન્યુ રેલનગર શિવાલય ચોકની પાછળ

આવેલ મધુવન બંગ્લોઝમાં રહેતા જગદીશભાઇ બટુકભાઇ ચૌહાણ (ઉ.વ.૬૧) નામના વૃધ્ધે ગાંધીગ્રામ પોલીસમાં ફરીયાદ નોંધાવી છે કે, તેનો પુત્ર જયપાલ રાજકોટ સીજીએસટી વિભાગમાં કોન્ટ્રાક બેઇઝમાં નોકરી કરતો હોય ત્યારે યુનિવર્સિટી રોડ પર જલારામ-૨ એસબીઆઇ બેંક પાસે અગાઉ દેવરાજ વાલજી ગોહિલ (રહે. એચજે સ્ટીલ પાછળ, ગંજીવાડા શેરી નં.૯) મુલાકાત થઇ હતી અને ત્યારે દેવરાજે વૃધ્ધના દિકરા જયપાલને સીજીએસટી વિભાગમાં કાયમી નોકરી અપાવી દેવાની લાલચ આપી તેની પાસેથી કટકે કટકે રૂ.૮,૨૯,૨૪૧ લઈ લીધા હતા અને ત્યારબાદ આજદિન સુધી સીજીએસટી વિભાગમાં કાયમી નોકરી નહીં અપાવી અને નાણા પરત નહીં આપી ઓળવી જતા ફરીયાદ નોંધાવી છે. બનાવના પગલે ગાંધીગ્રામ પોલીસના પીએસઆઇ પી.બી.પટેલે દેવરાજ ગોહિલ વિરૂધ્ધ ગુન્હો નોંધી ધરપકડ કરવા શોધખોળ શરૂ કરી છે.

લક્ષ્મીવાડીમાં રામેશ્વર બેટરીએ છૂટા પૈસાની પારાયણમાં પુત્ર સહિતના પરિવાર પર હુમલો

યુવકે ૧૦૦ની નોટ આપતાં દુકાનદારે છૂટા પૈસા માગી ડખો શરૂ કરી દઈ જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યાની ફરિયાદ

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટમાં દૂધની ડેરીએ દૂધ ખરીદવા માટે છૂટા પૈસાની પારાયણમાં પુત્ર-માતા-પિતા એમ ત્રણેયે માર ખાવો પડ્યો હતો સાથે સાથે દુકાનદારે જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યાની ફરિયાદ પણ નોંધાવી હતી.

આ અંગે ની માહિતી મુજબ યાજ્ઞિક રોડ પર આવેલી દુકાનમાં નોકરી કરતા ભરત ગોહેલે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તે લક્ષ્મીવાડી-૧૦માં આવેલી રામેશ્વર બેકરીમાં દૂધ લેવા માટે ગયો હતો અને ત્યાંથી દૂધની એક થેલી ખરીદી

હતી. દૂધના બદલામાં ૧૦૦ની નોટ દુકાનના કાઉન્ટર ઉપર મુકી હતી પરંતુ દુકાનદારે છૂટા પૈસા આપવાનું કહેતા તે ન હોવાનું કહી છૂટા પૈસા ન હોય તો બીજી જગ્યાએથી દૂધ લઈ લઉં તેમ કહેતા દુકાનદારે ઝઘડો શરૂ કરી દીધો હતો અને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી મારવાનું શરૂ કરી દીધું હતું. આ પછી અમને તેના પિતાને ફોન કરતા તેઓ પણ દોડી આવ્યા હતા ત્યારે દુકાનદારે તેને પણ માર માર્યો હતો. આ વેળાએ માતા પણ ત્યાં આવી જતાં દુકાનદાર તેમજ તેના સાગરિતોએ તેમને પણ માર મારતાં ત્રણેયને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ભક્તિનગર પોલીસે લક્ષ્મીવાડી શેરી નં.૧૦માં આવેલી રામેશ્વર બેકરીના કાઉન્ટર પર બેઠેલી વ્યક્તિ તેમજ ત્રણ અજ્ઞાત્યા શખસ મળી ચાર લોકો સામે ગુનો દાખલ કર્યો હતો.

RTOમાં ડ્રાઈવીંગ ટેસ્ટ માટે ૩૦ હજારથી વધુ લોકોનું વેઈટીંગલીસ્ટ

લર્નિંગ લાયસન્સ બાદ આપવી પડતી ટેસ્ટ માટે ભારે ધસારોઃ દરરોજના ૭૫૦ ટેસ્ટ છતા લાયસન્સ માટે લાંબી પ્રતિક્ષા

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ RTOમાં લર્નિંગ લાયસન્સની પ્રક્રિયા બાદ પાક્કુ લાયસન્સ કઢાવવા માટે ડ્રાઈવીંગ ટેસ્ટ આપવો પડતો હોય છે. રાજકોટ RTOમાં રોજના ૭૫૦ જેટલા ટેસ્ટ થતા હોવા છતા પણ ડ્રાઈવીંગ ટેસ્ટ આપવા માટે બે મહિનાનું એટલે કે ૩૦ હજાર ઉમેદવારોનું વેઈટીંગલીસ્ટ જોવા મળી રહ્યુ છે. રોજના આટલા ટેસ્ટ થતા હોવા છતા ઉમેદવારોએ લાંબી પ્રતિક્ષા કરવી પડી રહીં છે.

RTOના આધારભૂત સુત્રો પાસેથી મળતી વિગત મુજબ લર્નિંગ લાયસન્સ માટે ઉમેદવાર કોઈ નજીકના IITમાં આપી શકે છે તો હવે ઘરે બેસીને પણ લર્નિંગ લાયસન્સ માટેની કામગીરી શરૂ કરવામાં આવી છે. પરંતુ લર્નિંગ લાયસન્સ નિકળી ગયા બાદ પરિવહન એપ્લીકેશન મારફત ટુ-વ્હીલર, થી-વ્હીલર કે

ફોર વ્હીલરની ડ્રાઈવીંગ ટેસ્ટ આપવાની અપોઈમેન્ટ લેવાની રહે છે. ત્યાર બાદ ઉમેદવારો RTO પર પહોંચી ટ્રેક પર ડ્રાઈવિંગ ટેસ્ટ આપતા હોય છે. રાજકોટ જિલ્લામરમાંથી અહિંયા ઉમેદવારો ટેસ્ટ આપવા માટે આવતા હોય છે. રાજકોટ RTO પર રોજના ૩૮૦થી ૪૦૦ જેટલા ટુ-વ્હીલર, તો ૩૫૦ જેટલા થ્રી-વ્હીલર અને ફોર વ્હીલરનો ટેસ્ટ લેવાય છે. પરંતુ તેમ છતા હજુ પણ ડ્રાઈવીંગ ટેસ્ટની અપોઈમેન્ટમાં બે-બે મહિનાની રાહ જોવી પડી રહીં છે.

કાર બુકિંગના નામે ગઠિયાએ યુવાનને પાંચ લાખનો ધુંબો માર્યો

બુકિંગના ૫.૫૦ લાખમાંથી ૫૦ હજાર પરત આપી બાકીના ઓળવી ગયાની ફરિયાદ

મુખ્ય સમાચાર, રાજકોટ

યાજ્ઞિક રોડ નજીક પરિશ્રીતનગર શેરી નં.૧માં રહેતાં અને પારસી અગિયારી ચોકમાં સ્થિત સ્ટાર પ્લાઝામાં ઓફિસ બોય તરીકે નોકરી કરતાં સંદિપ સવજીભાઈ પરમાર (ઉ.વ.૪૦)એ અર્ટીકા કાર લેવા માટે આપેલ રૂા.૫ લાખ મયુર મગનભાઈ માલા નામનો શખ્સ ઓળવી ગયાની તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. આ મામલે એએસઆઈ સલીમભાઈ માડમ અને સ્ટાફે તપાસ શરૂ કરી છે.

સંદિપે પોલીસને જણાવ્યું કે ૨૦૨૩માં તેણે કાર લેવી હોવાથી માધવ ઓટો એન્ડ ફાયનાન્સના મયુર માલા સાથે ઓળખાણ થઈ હતી. આરોપી મયુરે તેને કારનું ૧૨.૬૫ લાખનું કોટેશન કાઢી આપ્યું હતું. ત્યારબાદ ૨૪-૬-૨૩નાં આરોપીએ

ફોન કરી કટારીયા ચોકડી પાસે સો રૂમની અંદર પૈસા આપી દેવાનું કહેતા તેણે ત્યાં પહોંચી આરોપીને ૫.૫૦ લાખ આપી દીધા હતાં. આ સમયે આરોપીએ કાર ૧૫-૨૦ દિવસની અંદર ડીલીવરી થઈ જશે તેમ જણાવ્યું હતું. પરંતુ કાર ડીલેવરી ન થતાં તેણે આરોપીને ફોન કરતાં જે અલગ અલગ બહાના બતાવા લાગ્યો હતો.

૨૦૨૩નાં દિવાળી સુધી કારની ડીલીવરી ન થતાં આરોપીને પેમેન્ટ પરત આપવાનું કહેતા તેને પરત આપ્યું ન હતું. જ્યારે નવરાત્રી સમયે આરોપીએ તેને રૂા. ૫૦ હજાર પરત આપી દીધા હતાં. અને તેના ભાઈ મીલને તેમનાં પાંચ ચેક આપેલા હતાં. જે દરેક ચેકમાં એક લાખની કિંમત હતી. જે પાંચેય ચેક બાઉંસ થતાં તેણે આરોપીને વાત કરી હતી. આથી આરોપીએ સમાધાનું કહેતા તેણે સ્ટેમ્પ પેપર ઉપર ૨૮.૬.૨૦૨૪ સુધીમાં રૂપિયા પરત આપી દેવાનું લખાણ લખેલું હતું. અને કુલ ત્રણ ચેક પણ આપ્યા હતાં. જે પણ રીટર્ન થયા હતાં. ત્યારબાદ આરોપીએ નોટીસ મોકલવી હતી. પરંતુ કોઈ જવાબ આપ્યો ન હતો. આ મામલે અગાઉ કોર્ટમાં કેસ કર્યો હતો.

યુપીમાં પરિવાર સાથે તહેવાર ઉજવી રાજકોટ આવતો યુવાન વાકાંનેર પાસે ટ્રેનમાં બેભાન થઈ જતા મોત

રાજકોટમાં શાકભાજીના વેપારી સહિત બેના મોત

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ શહેરની ભાગોળે ચાલુ ટ્રેને વતનથી પરત આવતો શ્રમિક બેભાન થઈ જતા સારવાર મળે તે પહેલા જ તેનું મોત નીપજ્યું હતું. જ્યારે બેડી પરા ફાયર બ્રિગેડ પાસે રહેતા યુવાનનું છાતીમાં દુખાવો થતા મોત થયું હતું. પ્રથમ બનાવમાં બેડીપરા નજીક મનહરપરામાં રહેતા સંજયભાઈ બચુભાઈ કુકાવા (ઉ.વ.૪૩) ગઈકાલે બપોરે ઘરે હતા ત્યારે છાતીમાં દુઃખાવો થવાની ફરિયાદ કરી બેભાન થઈ ગયા હતા. તેમને તુરંત સિવિલ હોસ્પિટલમાં ખસેડતા ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા. સંજયભાઈ ચા ની હોટલમાં કામ કરતા હતા તેમજ તેમને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે. તેઓ પોતે બે ભાઈમાં નાના હતા.

બીજા બનાવમાં રાજકોટ રહેતો અને મૂળ યુપી આઝાદઅલી અલીહસન (ઉ. વ.૪૧) વતનમા તહેવારની રજાઓ માણી પરત રાજકોટ આવતા હતા. ત્યારે ટ્રેનમાં વાંકાનેર નજીક બેભાન થઈ ગયા હતા.ટ્રેનમાં તેની સાથે રહેલા પરિવારજનો તેમને રાજકોટ રેલવે સ્ટેશન ખાતે લાવ્યા હતા અને અહીં તેમને સ્ટેશન પર જ ડોક્ટરે તપાસી મૃત જાહેર કર્યા હતા.

પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ, આઝાદ અલી રાજકોટમાં મજૂરી કામ કરતા. તેઓ રજા હોવાથી વતનમાં ગયા હતા ત્યાંથી પરત ફરતા હતા ત્યારે રસ્તામાં ચાલુ થઈને બેભાન થઈ ગયા હતા. રાજકોટ રેલવે પોલીસે મૃતદેહ પીએમ માટે ખસેડવા તજવીજ કરી હતી.

ત્રીજા બનાવમાં ભગવતીપરાના અયોધ્યા પાર્કમાં રહેતા હિતેષભાઈ બાલાભાઈ રાઠોડ (ઉ.વ.૫૦) ગઈકાલે સાંજે પોતાના ઘરે હતા ત્યારે બેભાન થઈ જતા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.અહીં ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા.હિતેષભાઈ રાજકોટ મહાનગર પાલિકામાં કાયમી સફાઈ કામદાર તરીકે નોકરી કરતા હતા.તેમને સંતાનમાં બે દીકરા અને એક દીકરી છે. તેઓ પોતે ચાર ભાઈમાં ત્રીજા નંબરના હતા.તેમને ટીબી સહિતની બીમારી હતી.

જ્યારે ચોથી ઘટનામાં માયાણીનગર પાસે આવેલા રામજીનગર નજીક રહેતા ધનશ્યામભાઈ રૂપશીભાઈ પરમાર નામના ૫૪ વર્ષના પ્રૌઢ ગઈકાલે લક્ષ્મીનગરમાં માર્કેટમાં શાકભાજી વેંચતા હતા ત્યારે અચાનક બેભાન થઈ જતા તેમનું મોત નીપજ્યું હતું.

ફરજિયાત ૮૦ ટકા બાયોમેટ્રીક લેવાના પરિપત્ર સામે રેશનીંગ દુકાનદારોનો વિરોધ

રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના દુકાનદારોએ તાલુકા-જિલ્લા મથકોએ આવેદન આપ્યાઃ લઘુતમ કમિશનમાં ૧૦ હજારનો વધારો કરી ૩૦ હજાર કરવા માંગણી

મુખ્ય સમાચાર, રાજકોટ

પૂરવઠા વિભાગ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા પરિપત્ર અને સસ્તા અનાજના દુકાનદારોને પડતી મુકેલી સહિત ૨૦ મુદ્દાનું આવેદનપત્ર તૈયાર કરી રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં દુકાનદારોએ તાલુકા અને જિલ્લામથકોએ આવેદનપત્ર આપી વિરોધ વ્યક્ત કર્યો છે. તે સાથે જ આગામી નવેમ્બર મહિનામાં પરમીટ-ચલણનો બહિષ્કારનું એલાન કરવામાં આવ્યું છે.

રાજકોટમાં પૂરવઠા અધિકારીને પાઠવવામાં આવેલા આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, તકેદારી સમિતિના સભ્યોના ૮૦ ટકા સભ્યોના બાયોમેટ્રીક વેરીફિકેશન લેવાના કરવામાં આવેલા પરિપત્રનો વેપારીઓ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત મોંઘવારીને ધ્યાનમાં રાખી ડીલરોના કમિશનમાં ૧૦ હજારનો વધારો કરી ૩૦ હજાર કરવા, અનિયમીત મળતુ કમિશન સમયસર બેંક ખાતામાં જમા કરવા, લઘુતમ કમિશનમાં ૯૭ ટકાથી ઘટાડો કરી ૯૪ ટકા વિતરણ કરવાની જાહેરાત કરવી.

ડીલરના ઈ-પ્રોફાઈલમાં ડીલરના પરિવારના સભ્યને દાખલ કરવા અને તેમના બાયોમેટ્રીકથી લોગીન કરવાની વ્યવસ્થા કરવી. ડીલરોની હયાતીમાં વારસાઈ કરવાની જોગવાઈ જાહેર હિસાબ સમિતીએ સ્થગિત કરી છે તે પુનઃચાલુ કરવા. વિતરણ માટે મળા જથ્થામાં આવતી ઘટ નિવારવા ઉકેલ લાવવા. તપાસણીના બહાને દુકાનદારોની કરવામાં આવતી ખોટી કનડગત બંધ કરવા, ઓનલાઈન પરમીટની સાયકલ ૪૫ દિવસની છે તેમાં સુધારો કરી ૩૦ દિવસની કરવા માંગણી કરી છે.

ઓનલાઈન સર્વર વારંવાર બંધ થાય છે તેના કારણે દુકાનદાર અને ગ્રાહકો વચ્ચે સંઘર્ષ થાય છે. ત્યારે આવી પરિસ્થિતીમાં ગ્રાહકોને એસએમએસથી જાણ થાય તેવી વ્યવસ્થા કરવા, કોરોનામાં મૃત્યુ પામેલ આસામીઓને ૨૫ લાખની સહાયના કેસો પેન્ડીંગ છે તેનો નિકાલ કરવા સહિતની ૨૦ માંગણી અંગે ઘટતું કરવા રજૂઆત કરવામાં આવી છે અન્યથા આગામી મહિનાથી આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે.

હડાળામાં દંપતી વચ્ચે રકઝક થતા યુવાનનો ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

એસ્ટ્રોન ચોકમાં થાનના યુવાને કફ સીરપની દવા પી લેતા સારવારમાં ખસેડાયો

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરની ભાગોળે આવેલા હડાળા ગામે રહેતા દંપતી વચ્ચે કામ મુદે રકઝક થતા પતિએ ઝેરી દવા પી લીધી હતી યુવાનને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડાયો હતો. આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ હડાળા ગામે રહેતા સુરેશ નરશીભાઈ સોઢા નામનો ૩૫ વર્ષનો યુવાન રાત્રીના આઠેક વાગ્યાનાં અરસામા બીજાની વાડીએ હતો ત્યારે ઝેરી દવા પી લીધી હતી યુવાનને ઝેરી અસર થતા સારવાર માટે સિવીલ હોસ્પીટલમા દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમીક પુછપરછમાં સુરેશ સોઢા બે ભાઈ બે બહેનમાં વચ્ચેટ છે. અને તેને સંતાનમા બે પુત્ર અને એક પુત્રી છે પત્ની પુજાબેન સાથે કામ બાબતે બોલાચાલી થતા વખ ઘોબ્યુ હોવાનુ જાણવા મળ્યુ છે. આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં થાનમા આવેલા આંબેડકરનગરમાં રહેતા સ્મિત મનીષભાઈ રાઠોડ નામનો ૨૧ વર્ષનો યુવાન રાજકોટમાં આવેલા એસ્ટ્રોન ચોકમા હતો ત્યારે કોઈ અકળ કારણસર કપસીરપની દવા પી લીધી હતી યુવાનની તબીયત લથડતા સારવાર માટે સિવીલ હોસ્પીટલમા દાખલ કરવામાં આવ્યો હતો ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.